dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-317 | AD-2026, Shravan Sud-11 | Sunday, Dt. 23-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### 'વંદે માતરમ'ના સન્માન, ગૌરવ અને ઐતિહાસિક વારસાના રક્ષણ માટે આ ઠરાવ પસાર કર્યો

# વંદે માતરમ ૨૦૪૭માં 'વિકસિત ભારત'ની ઘોષણા બનશે : નીતિન નવીન

નવી દિલ્હી, તા.૨૨

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને શનિવારે, ૨૨ ઓગસ્ટે પોતાની નવી ટીમની પ્રથમ બેઠક યોજી હતી. આ બેઠકમાં 'વંદે માતરમ'ના સન્માન અને તેના ઐતિહાસિક વારસાના રક્ષણ અંગે ૧૦ મુદ્દાનો મહત્વપૂર્ણ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. નવીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે પક્ષે 'વંદે માતરમ'ના સન્માન, ગૌરવ અને ઐતિહાસિક વારસાના રક્ષણ માટે આ ઠરાવ પસાર કર્યો છે. નવીને જણાવ્યું હતું કે બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યોએ કોંગ્રેસના કાર્યક્રમોમાં 'વંદે માતરમ'ના માત્ર પ્રથમ બે શ્લોક ગાવાના નિર્ણયનો સખત વિરોધ કર્યો હતો. ભાજપ 'વંદે માતરમ'ને ભારતનું રાષ્ટ્રીય ગીત, ભારત માતા પ્રત્યેની ભક્તિનું પ્રતીક, સ્વતંત્રતા સંગ્રામનો મંત્ર અને રાષ્ટ્રીય ચેતનાનું અમર પ્રતીક માને છે.

ઠરાવમાં ભાજપે ૧૯ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ કોંગ્રેસ કાર્યકારી સમિતિ દ્વારા 'વંદે માતરમ'નું ગાન પ્રથમ બે શ્લોક સુધી મર્યાદિત કરવાના નિર્ણયની નિંદા કરવાનો નિર્ણય લીધો છે. પક્ષે સંપૂર્ણ 'વંદે માતરમ'ના સન્માન, ગૌરવ, વારસા અને રાષ્ટ્રીય મહત્વનું રક્ષણ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. ભાજપે બંધારણ સભાની ૧૯૫૦ની ઘોષણાથી સ્થાપિત 'વંદે માતરમ'ની સ્થિતિને મજબૂત કરવાની વાત પણ કરી છે. સાથે જ પક્ષે સાંપ્રદાયિક



દબાણ, રાજકીય તુષ્ટિકરણ અને સંકુચિત મતબેંકના રાજકારણના પ્રયાસોનો વિરોધ કરવાની જાહેરાત કરી છે. ઠરાવમાં કોંગ્રેસને પણ યાદ અપાવવામાં આવ્યું છે કે પક્ષની કાર્યકારી સમિતિનો કોઈ ઠરાવ બંધારણીય સંસ્થાઓ અથવા સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદાથી ઉપર હોઈ શકે નહીં.

ભાજપે 'વંદે માતરમ' સાથે જોડાયેલા ઐતિહાસિક અને રાજકીય સંદર્ભને જનતા સુધી પહોંચાડવા માટે રાષ્ટ્રવ્યાપી અભિયાન ચલાવવાની જાહેરાત કરી છે. ખાસ કરીને યુવા પેઢીમાં જાગૃતિ લાવીને 'વંદે માતરમ'ના ઈતિહાસ, અર્થ અને રાષ્ટ્રીય મહત્વ વિશે માહિતી પહોંચાડવામાં આવશે.


ઠરાવમાં મહાત્મા ગાંધીના 'વંદે માતરમ' અંગેના ઐતિહાસિક વિચારોનો પ્રચાર કરવાનો પણ ઉલ્લેખ છે. ભાજપનું કહેવું છે કે આ ગીતે સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન દેશવાસીઓમાં રાષ્ટ્રીય ચેતના અને દેશભક્તિની ભાવના જગાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પક્ષે જણાવ્યું છે કે 'વંદે માતરમ'ના સન્માન અને ઐતિહાસિક વારસા સાથે રાજકીય સુવિધા કે તુષ્ટિકરણના નામે કોઈ સમાધાન સ્વીકારવામાં આવશે નહીં. ભાજપે દેશવાસીઓને આ વારસાને યાદ રાખવાની અપીલ કરી છે. નીતિન નવીને કહ્યું કે 'વંદે માતરમ'ના શબ્દો એક સમયે બ્રિટિશ શાસન સામે પ્રતિકાર અને રાષ્ટ્રીય જાગૃતિનું પ્રતીક બન્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ૧૯૪૭માં 'વંદે માતરમ' ભારતની સ્વતંત્રતાનું વિજય સૂત્ર હતું અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૨૦૪૭માં 'વંદે માતરમ' જ 'વિકસિત ભારત'ની ભવ્ય ઘોષણા બનશે.

# ઝારખંડની સિમેન્ટ ફેક્ટરીમાં ટર્બાઈન બ્લાસ્ટ થતા ૩ એન્જિનિયરના મોત

**ભીષણ આગ બાદ મજૂરોમાં અફરાતફરી, એક મજૂર ગંભીર રીતે ઘાયલ**

ઝારખંડ, તા.૨૨

ઝારખંડના રામગઢ જિલ્લાના બરકાકાનામાં મા છિન્નમસ્તિકા સિમેન્ટ એન્ડ સ્ટીલ ફેક્ટરીમાં શુક્રવારે મોડી રાત્રે મોટો અકસ્માત સર્જાયો હતો. ફેક્ટરીમાં કામ દરમિયાન અચાનક ટર્બાઈન બ્લાસ્ટ થતાં પ્લાન્ટમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. બ્લાસ્ટનો અવાજ એટલો જોરદાર





હતો કે રાત્રીની શિફ્ટમાં કામ કરી રહેલા મજૂરોમાં અફરાતફરી મચી ગઈ હતી.આ દુર્ઘટનામાં ત્રણ એન્જિનિયરના મોત થયા છે, જ્યારે એક મજૂર ગંભીર રીતે ઘાયલ થયો છે. મૃતકોમાં રાંચીના સંજીવ કુમાર કેસરી (૫૦), બોકારોના વિનીત મહતો (૨૫) અને ગઢવાના અભિષેક પાંડે (૨૪)નો સમાવેશ થાય છે. ઘાયલ મજૂર હજારીબાગના તરુણ રજવારને રાંચી રોડ સ્થિત ધ હોપ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે.ફેક્ટરીના પાવર પ્લાન્ટ યુનિટના ઈન્ચાર્જ અનુરાગ ત્રિપાઠીએ દુર્ઘટના પાછળ મેનેજમેન્ટની બેદરકારીનો આક્ષેપ કર્યો છે. તેમના જણાવ્યા મુજબ, પ્લાન્ટમાં તાપમાન વધતા ઓવરહિટિંગની સ્થિતિ સર્જાઈ હતી. તાપમાન નિયંત્રણ માટે AC લગાવવાની વારંવાર રજૂઆત છતાં પૂરતા પગલાં લેવાયા ન હતા. હાલ પોલીસ અને ફેક્ટરી મેનેજમેન્ટ દ્વારા ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. સત્તાવાર તપાસ બાદ જ અકસ્માતનું વાસ્તવિક કારણ સ્પષ્ટ થશે.

# વિદેશમંત્રી એસ.જયશંકર આજથી બે દિવસ રશિયાની સત્તાવાર મુલાકાતે જશે

નવીદિલ્હી, તા. ૨૨

વિદેશ મંત્રી એસ. જયશંકર ૨૩ અને ૨૪ ઓગસ્ટે રશિયાની સત્તાવાર મુલાકાતે જશે. રશિયન ફેડરેશનના પ્રથમ નાયબ વડાપ્રધાન ડેનિસ મન્ટુરોવના આમંત્રણથી યોજાનારી આ મુલાકાત દરમિયાન જયશંકર ભારત-રશિયા આંતર-સરકારી આયોગના વેપાર, આર્થિક, વૈજ્ઞાનિક, તકનીકી અને સાંસ્કૃતિક સહકાર અંગેના ૨૭મા સત્રની સહ-અધ્યક્ષતા કરશે.



મુલાકાત દરમિયાન જયશંકર રશિયાના વિદેશ પ્રધાન સેર્ગેઈ લવરોવ સાથે પણ મુલાકાત કરશે. બંને નેતાઓ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ ઉપરાંત ભારત-રશિયા દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરશે. ચર્ચામાં વેપાર અને રોકાણ, ઊર્જા, કનેક્ટિવિટી, વિજ્ઞાન-ટેક્નોલોજી તથા લોકોની અવરજવર જેવા મુદ્દાઓ મુખ્ય રહેશે. યુક્રેન સંઘર્ષ અને ગલ્ફ ક્ષેત્રની સ્થિતિ અંગે પણ વિચારોનું આદાન-પ્રદાન થવાની શક્યતા છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આંતર-સરકારી આયોગ બંને દેશો વચ્ચે વેપાર અને આર્થિક સહકારમાં થયેલી પ્રગતિની નિયમિત સમીક્ષા માટેનું મહત્વપૂર્ણ મંચ છે. તેની સ્થાપના મે ૧૯૯૨માં કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં આયોગની ૨૬ બેઠકો યોજાઈ છે. તેનું ૨૬મું સત્ર ૨૦ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ મોસ્કોમાં યોજાયું હતું. ભારત અને રશિયા વચ્ચેના આર્થિક સહકારને વધુ મજબૂત બનાવવામાં આ આયોગની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

### ગોરખા નેતાઓ, પશ્ચિમ બંગાળ સરકાર અને અન્ય હિસ્સેદારો વચ્ચે યોજાયેલી બેઠક બાદ

# ગોરખા મુદ્દે અંતિમ કરારનો મુસદ્દો તૈયાર કરવા ગૃહ મંત્રાલયની સમિતિ રચાઈ

નવી દિલ્હી, તા.૨૨

ગોરખા મુદ્દાના કાયમી રાજકીય ઉકેલ માટે કેન્દ્ર સરકારે મહત્વનું પગલું ભર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં ગોરખા નેતાઓ, પશ્ચિમ બંગાળ સરકાર અને અન્ય હિસ્સેદારો વચ્ચે યોજાયેલી બેઠક બાદ ગૃહ મંત્રાલયે અંતિમ કરારનો મુસદ્દો તૈયાર કરવા માટે સમિતિની રચના કરી છે. ભાજપના સાંસદ રાજુ બિસ્તાના જણાવ્યા મુજબ,



નિવૃત્ત આઈપીએસ અધિકારી અને પૂર્વ નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર પંકજ કુમાર સિંહની આગેવાની હેઠળ આ સમિતિ કામ કરશે. શાહની ઉત્તર બંગાળ મુલાકાતના અંતિમ દિવસે દાર્જિલિંગ નજીક સુકનાની એક હોટલમાં બેઠક યોજાઈ હતી. તેમાં ગોરખા જનમુક્તિ મોરચાના નેતા બિમલ ગુરુંગ, રોશન ગિરી, હિલ કાઉન્સિલના નેતાઓ, ભાજપના ધારાસભ્યો, રાજ્ય સરકારના મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠકમાં દાર્જિલિંગની પહાડીઓ સાથે સંકળાયેલા લાંબા સમયથી ચાલતા રાજકીય મુદ્દાઓનો બંધારણીય માળખામાં કાયમી ઉકેલ લાવવા અંગે ચર્ચા થઈ હતી. વિવિધ સમુદાયોના પ્રતિનિધિઓએ પોતાની માંગણીઓ અને ચિંતાઓ રજૂ કરી હતી. ગૃહ મંત્રાલયની નવી સમિતિ તમામ પક્ષો વચ્ચે થયેલી ચર્ચા અને સર્વસંમતિના આધારે અંતિમ કરારનો મુસદ્દો તૈયાર કરશે. આ બેઠક ૧૯૮૮ના ગોરખા કરારની વર્ષગાંઠ સાથે યોજાઈ હોવાથી તેનું રાજકીય મહત્વ પણ વધી ગયું છે. અગાઉ ડીજીએચસી અને જીટીએ જેવી વ્યવસ્થાઓ અમલમાં મુકાઈ હતી, પરંતુ કાયમી રાજકીય ઉકેલ મળી શક્યો નહોતો.

# ડીએમકેની બેઠકમાં નવી પેઢી માટે માર્ગ મોકળો, બે ટર્મ બાદ હોદ્દો છોડવો પડશે

ચેન્નાઈ, તા.૨૨

ડીએમકે કારોબારી સમિતિની બેઠકમાં પક્ષ સંગઠનમાં નવી પેઢીને તક આપવા માટે હોદ્દેદારોની વયમર્યાદા અને કાર્યકાળ નક્કી કરવાનો નિર્ણય લેવાયો છે.

શાખા સમિતિ સચિવ માટે મહત્તમ વય ૪૫ વર્ષ, વોર્ડ સમિતિ સચિવ માટે ૫૦ વર્ષ અને નગર પંચાયત, વિસ્તાર તથા શહેર સમિતિ સચિવ માટે ૬૦ વર્ષની મર્યાદા નક્કી કરાઈ છે. મોટાભાગના હોદ્દા માટે વધુમાં વધુ બે ટર્મની મર્યાદા રહેશે. બે ટર્મ પૂર્ણ થયા બાદ સંબંધિત વ્યક્તિએ તે હોદ્દો છોડવો પડશે.










સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૨૩-૦૮-૨૦૨૬

# ભાવનગર લઠ્ઠાકાંડના વિરોધમાં અમરેલીમાં AAPનું ઉગ્ર પ્રદર્શન

અમરેલી,તા.૨૨


અમરેલીમાં થયેલા લઠ્ઠાકાંડમાં નિર્દોષ લોકોના મોતની ગંભીર ઘટનાના વિરોધમાં આમ આદમી પાર્ટી (AAP) દ્વારા અમરેલીના રાજકમલ ચોક ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સમગ્ર ઘટનાની જવાબદારી નક્કી કરી ગુજરાતના ગૃહમંત્રી રાજીનામું આપે તેવી માંગ સાથે કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે આશરે ૨૦ જેટલા AAP કાર્યકરોની અટકાયત કરી હતી. પ્રદેશ સંગઠન મંત્રી અને જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં પાર્ટીના કાર્યકર્તાઓ, પદાધિકારીઓ, સંગઠનના હોદ્દેદારો તેમજ જનપ્રતિનિધિઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યકરોએ લઠ્ઠાકાંડમાં નિર્દોષ લોકોના મોત અંગે સરકાર સામે આક્રોશ વ્યક્ત કરી સમગ્ર મામલે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. પોલીસે પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા વિરોધ કરી રહેલા કાર્યકરોની અટકાયત કરી હતી.



# અમરેલીની એમ.એલ. કાકડીયા MCA મહિલા કોલેજ યુનિવર્સિટી ટોપટેનમાં ત્રીજા ક્રમે, ૩ છાત્રાઓ ઝળકી

અમરેલી,તા.૨૨

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત એમ. એલ. કાકડીયા MCA મહિલા કોલેજ-અમરેલીએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના MCA સેમેસ્ટર-IIના યુનિવર્સિટી પરિણામમાં સમગ્ર યુનિવર્સિટી ટોપટેનમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરીને ઉત્કૃષ્ટ સફળતા મેળવી છે. આ ઉપરાંત કોલેજની ત્રણ વિદ્યાર્થીનીઓએ યુનિવર્સિટી મેરિટ લિસ્ટના ટોપટેનમાં સ્થાન મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું છે.આ યુનિવર્સિટી પરિણામમાં કોલેજની વિદ્યાર્થીની પરમાર બંસરી એમ. ૯.૮૨ SPI સાથે યુનિવર્સિટીમાં ૫મો ક્રમ, હુંમ્મર મીલી એ. ૯.૮૨ SPI સાથે યુનિવર્સિટીમાં ૬ઠ્ઠો ક્રમ અને સાદરાણી અમી એન. ૯.૭૩ SPI સાથે યુનિવર્સિટીમાં ૭મો ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ સિધ્ધિ બદલ અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત એમ. એલ. કાકડીયા MCA મહિલા કોલેજ પરિવાર તરફથી સ્ટાફ, તમામ વિદ્યાર્થીનીઓ અને રેન્કર વિદ્યાર્થીનીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



# ત્રણ વર્ષથી અમરેલી પોલીસનો ફરાર આરોપી સુરતથી ઝડપાયો

અમરેલી,તા.૨૨

અમરેલી પોલીસની પેરોલ ફર્લો સ્કવોર્ડે છેલ્લા ત્રણ વર્ષથી પકડ વોરંટમાં નાસતા-ફરતા આરોપીને સુરતના કડોદરા વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. આરોપીએ છ વર્ષ અગાઉ મિત્ર સાથે દવાની એજન્સીના વ્યવસાયમાં રોકાણ કર્યું હતું. વ્યવસાયમાં નુકસાન થતાં નાણાંની લેવડદેવડનો વિવાદ થયો હતો. ફરિયાદીએ અમરેલી કોર્ટમાં કેસ દાખલ કરતાં આરોપી સામે પકડ વોરંટ જારી થયું હતું. પોલીસે ગુપ્ત બાતમીના આધારે આરોપીને ઝડપી કાયદેસરની કાર્યવાહી માટે અમરેલી સિટી પોલીસને સોંપ્યો છે.



# લાઠીના અડતાળા ગામે ખેડૂતને ધારિયાનો ઘા મારી ઈજા કરી

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

લાઠી, તા.૨૨

લાઠીના અડતાળા ગામે બે પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. ચંપુભાઈ ભાભલુભાઈ વાળા (ઉ.વ.૪૫)એ મધુભાઈ જૈતાભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમને આરોપી સાથે અગાઉનું મનદુઃખ ચાલતું હતું. જેથી આરોપીએ તેમને ફોન કરી ગાળો આપી હતી. તેઓ ગ્રામ પંચાયત પાસે આરોપીને મળતા, આરોપીએ ગાળો આપી ધારિયાનો એક ઘા જમણા હાથના ભાગે મારી દેતા ઈજા પહોંચાડી હતી. તેમજ બીજો ઘા ડાબી બાજુ કમરની ઉપરના ભાગે મારી દેતા કમરની અંદરના ભાગે ૪ ટાંકા તથા બહારના ભાગે ૧૦ ટાંકા આવે તેવી ગંભીર ઈજા કરી મારી નાખવાની ધમકી આપી હતી.ત્યારબાદ મધુભાઈ જૈતુભાઈ વાળા (ઉ.વ.૩૬)એ ચંપુભાઈ ભાભલુભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આરોપીને તેમના કુટુંબીને દારુ પાવા બાબતે ઠપકો આપ્યો હતો. જેથી આરોપીએ તેમને જેમફાવે તેમ ગાળો આપી લોખંડની પાઈપનો એક ઘા મારવા જતા જમણા પગની બીજી આંગળીએ વાગી જતા સામાન્ય ઈજા થઈ હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી તેમની મોટરસાયકલ પર લોખંડનો પાઈપ મારી અંદાજે રૂ. ૨૫૦૦નું નુકસાન કર્યું હતું. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. પી. ડોડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા પંથકમાં પૈસાની લેવડદેવડના કારણે લગ્નમાં મોડું થતાં યુવતીએ ઝેરી દવા પીધી

**બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ વી.એન. જાનીએ તપાસ શરૂ કરી**

બાબરા, તા. ૨૨

બાબરા પંથકમાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. પૈસાની લેતી-દેતીના કારણે લગ્નમાં મોડું થતાં એક યુવતીએ ઝેરી દવા પી લીધી હતી.

આ અંગે પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પૈસાની લેવડદેવડ બાકી હોવાથી યુવતીના લગ્નમાં મોડું થતું હતું. આ બાબતનું મનોમન લાગી આવતાં તેણે પોતાની મેળે કોઈ ઝેરી દવા પી લીધી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ વી. એન. જાની આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાં ૧૫૨ ડ્રાઈવરોનું હેલ્થ ચેકઅપ કરાયું

**માર્ગ સલામતી માસ-વીક અંતર્ગત આરોગ્ય તપાસ સાથે વાહનચાલકોમાં જાગૃતિ**

બાબરા,તા.૨૨

બાબરા નેશનલ રોડ સેફ્ટી માસ-વીક અંતર્ગત અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા જિલ્લા ટ્રાફિક પોલીસ, સિવિલ સર્જનની ટીમ અને મનહર ઓટોમોબાઈલ્સના સંયુક્ત ઉપક્રમે બાબરા ખાતે ડ્રાઈવરો માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં ૧૫૨ જેટલા ડ્રાઈવરોની બી.પી., ડાયાબિટીસ અને આંખોની તપાસ કરવામાં આવી હતી. ડ્રાઈવરોને નિયમિત આરોગ્ય તપાસ કરાવવા તેમજ સ્વાસ્થ્ય અંગે જાગૃત રહેવા અપીલ કરાઈ હતી. કેમ્પમાં સીટબેલ્ટ, હેલ્મેટ, ઓવરસ્પીડ અને ડ્રાઈવિંગ દરમિયાન મોબાઈલનો ઉપયોગ ન કરવા અંગે માર્ગ સલામતીના સંદેશાઓ દ્વારા જાગૃતિ ફેલાવવામાં આવી હતી. ઉપરાંત PM-RAHAT અને રાહવીર યોજના અંગે માહિતી આપવામાં આવી હતી. અકસ્માતગ્રસ્ત વ્યક્તિને સમયસર હોસ્પિટલ પહોંચાડનારને રાહવીર યોજના હેઠળ રૂ. ૨૫ હજાર સુધીનું પુરસ્કાર મળવાની જાણકારી આપવામાં આવી હતી. આવા કાર્યક્રમોથી સલામત ડ્રાઈવિંગ અને અકસ્માત નિવારણ અંગે જાગૃતિ વધારવાનો પ્રયાસ કરાયો હતો.



# ડુંગર પોલીસ સ્ટેશન ખાતે એસ.પી. સંજય ખરાતે અરજદારો સાથે સંવાદ કર્યો

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે ડુંગર પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ અરજદારો સાથે રૂબરૂ સંવાદ કર્યો હતો. તેમણે અરજદારોની વિવિધ રજૂઆતો સાંભળી તેમની અરજીઓ અંગે થયેલી તપાસની પ્રગતિ, પોલીસ કાર્યવાહી અને વર્તમાન સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. આ દરમિયાન મહિલા સુરક્ષા, જમીન-મિલકતના વિવાદો, પારિવારિક પ્રશ્નો તેમજ અસામાજિક તત્વો સામેની કાર્યવાહી સહિતની વિવિધ અરજીઓની સમીક્ષા કરવામાં આવી હતી.


તસવીર : ગોપાલ રાઠોડ




# જાફરાબાદ ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનો કાર્યક્રમ યોજાયો

જાફરાબાદ,તા.૨૨

જાફરાબાદ નગરપાલિકા ટાઉન હોલ ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ પ્રવીણભાઈ તોગડિયાની ઉપસ્થિતિમાં મનહરભાઈ બારૈયાની જાફરાબાદ તાલુકા પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત આગેવાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રવીણભાઈ તોગડિયા ઉપરાંત રણછોડભાઈ ભરવાડ અને નિર્મળસિંહ ખુમાણ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સનાતન સંસ્કૃતિ, રાષ્ટ્રસેવા, હિન્દુ સમાજની એકતા અને સમાજજાગૃતિ જેવા વિવિધ વિષયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના જાફરાબાદ તાલુકા પ્રમુખ તરીકે મનહરભાઈ બારૈયાના નામની સત્તાવાર જાહેરાત પ્રવીણભાઈ તોગડિયા દ્વારા કરવામાં આવી હતી. નવી જવાબદારી મળતા ઉપસ્થિત આગેવાનો અને કાર્યકરોએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. જાફરાબાદ તાલુકામાં સંગઠનને વધુ મજબૂત બનાવવા અને સમાજજાગૃતિના કાર્યોને આગળ વધારવામાં તેઓ મહત્વની ભૂમિકા ભજવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં રાજુલા તાલુકા પ્રમુખ અજયભાઈ વાળા, રાજુલા શહેર પ્રમુખ ઉમેશભાઈ વરૂ, મહેશભાઈ હિરાણી, પ્રેસ ક્લબ ઓફ જાફરાબાદના પ્રમુખ પ્રતાપભાઈ વરૂ, જીતેન્દ્રભાઈ વરૂ, અધિવક્તા દુધાળા, જાફરાબાદ નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ પ્રફુલભાઈ બારીયા, કોળી સમાજ પટેલ મનહરભાઈ બારીયા, વિરમ બાપુ જાડેજા, શૈલેષભાઈ વઢવાણા, વેપારી પ્રમુખ જયેશભાઈ ઠાકર, હર્ષદભાઈ મહેતા અને મનોજભાઈ ચુડાસમા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com


## :: કુલ મુખત્યારનામાની નકલ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે આવેલ સુધરાઈ હદમાં ચકકકરગઢ રોડ રસ્તે રે.સ. નં. ૫૨૭ પૈકીના પ્લોટ નં. ૧૭ પૈકી કુલ ૯૬-૦૩ ચો. મી. વાળી મીલકત હિતેષભાઈ કાંતીલાલ ઉમરાળીયા રહે. અમરેલીવાળાની માલીકી કબજા ભોગવટાની આવેલ છે અને આ મીલકતનુ અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે.

આ ઉપરોક્ત મીલક્તના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૪૧૮થી તા. ૩૦/૩૧૯૮ ના રોજ હસનુરહેમાન ખલીલુરહેમાન તથા ખતીજાબીબી હસનુરહેમાનતથા ખેરૂન્નીશા હસનુરહેમાન ના કુલ મુખત્યાર હફીઝુરહેમાન હસનુરહેમાન કાદરીનાએ કરી આપેલ છે. જે વેચાણ દસ્તાવેજ કરી આપનાર કુલ મુખત્યાર હફીઝુરહેમાન હસનુરહેમાન ની કુલ મુખત્યારનામાની નકલ જે તે સમયે આપવામાં આવેલ હતી પરંતુ તે ક્યાંક ખોવાઈ ગયેલ છે જેથી ઉપરોકત કુલ મુખત્યારનામાની નકલ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન - ૭ માં જાણ કરવા અગર પંહોચતી કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબંધ હોય તો તે હકક-હીત સંબંધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન -૭ ની અંદર અમારા નીચેના સરનામે રજૂ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોક્ત મીલક્ત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**તા. ૨૩/૮/૨૦૨૨**
**અમરેલી.**

અજય જે. રાઠોડ
એડવોકેટ
જુના માર્કટયાર્ડ, પહેલા માળે
હરીરામ હોલસેલ માર્કેટ,
કોંગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી.
મો. નં.૯૮૨૪૯ ૩૦૩૧૬

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

**ગેરકાયદેસર સ્ટોક દૂર કરવામાં નહી આવે તો ગ્રામજનોએ આપી આંદોલનની ચીમકી**

# અમરેલીના ફતેપુરમાં ખનીજ માફિયાઓ બેફામ બનતા ગ્રામજનોમાં રોષ

**બેફામ ડમ્પરોના કારણે અકસ્માતનો ભય, વારંવાર રજૂઆત છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી નહી**

અમરેલી,તા,૨૨

અમરેલી તાલુકાના ફતેપુર ગામમાં ખનીજ માફિયાઓ દ્વારા સરકારી ગૌચર જમીન પર ગેરકાયદે કબજો કરી રેતીના મોટા જથ્થાના સ્ટોક કરવામાં આવતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગામની સરકારી ગૌચર જમીનનો ઉપયોગ રેતીના સંગ્રહ માટે કરવામાં આવતો હોવાના આક્ષેપો વચ્ચે ખનીજ ભરેલા ભારે વાહનોની સતત અવરજવરથી ગામના લોકો પરેશાની ભોગવી રહ્યા છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે સમગ્ર મામલે વારંવાર રજૂઆત કરવા છતાં જવાબદાર તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.સ્થાનિકોના જણાવ્યા મુજબ, ફતેપુર ગામની અંદાજે પાંચ વીઘા જેટલી સરકારી ગૌચર જમીન પર ગેરકાયદે દબાણ કરી રેતીના મોટા સ્ટોક કરવામાં આવ્યા છે. ગૌચર જમીનનો ઉપયોગ પશુઓના ચરિયાણ માટે થતો હોવા છતાં ત્યાં રેતીનો સંગ્રહ કરવામાં આવતો હોવાના કારણે પશુપાલકોને પણ મુશ્કેલી પડી રહી છે. કિંમતી સરકારી જમીન પર આ પ્રકારનો કબજો હોવા



છતાં જવાબદાર વિભાગ દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવતી ન હોવાનો ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે.બીજી તરફ, ગામની શેરીઓ અને બજાર વિસ્તારમાંથી રેતી ભરેલા ભારે ડમ્પરો બેફામ ઝડપે પસાર થતા હોવાની ફરિયાદો ઉઠી રહી છે. ભારે વાહનોની અવરજવરથી રસ્તાઓ પર ધૂળની ડમરીઓ ઊડતી હોવાથી સ્થાનિક લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને શાળા જતા બાળકો અને શેરીમાં રમતા નાના બાળકોની સુરક્ષાને લઈને વાલીઓમાં ચિંતા વધી છે. બેફામ વાહનચાલનને કારણે કોઈ ગંભીર અકસ્માત સર્જાય તેવી ભીતિ પણ ગ્રામજનો વ્યક્ત કરી રહ્યા છે.આ સમગ્ર મામલે ગ્રામજનો દ્વારા સ્થાનિક તંત્ર તેમજ ખનીજ વિભાગને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ટેલિફોન દ્વારા પણ સંબંધિત અધિકારીઓને જાણ કરવામાં આવી હોવા છતાં ગેરકાયદે રેતીના સ્ટોક અને ભારે વાહનોની અવરજવર સામે અસરકારક કાર્યવાહી ન થઈ હોવાનો આક્ષેપ છે.ગ્રામજનો હવે તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવી રહ્યા છે. સરકારી ગૌચર જમીન પર ગેરકાયદે રેતીના સ્ટોક હોવા છતાં કાર્યવાહી કેમ થતી નથી અને બેફામ ડમ્પરો સામે રોક લગાવવામાં કેમ આવતી નથી તેવા પ્રશ્નો ઉઠી રહ્યા છે. જો આગામી દિવસોમાં ગેરકાયદે સ્ટોક દૂર કરવામાં નહીં આવે અને ભારે વાહનોની અવરજવર પર નિયંત્રણ નહીં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ગ્રામજનોએ ઉચ્ચારી છે.

## RTI થયા બાદ મારપીટની ફરિયાદમાં બાબરા JMFC કોર્ટનો મહત્વનો હુકમ

બાબરા,તા.૨૨

બાબરા શહેરમાં RTI અરજી કર્યા બાદ મારપીટ કર્યાની ફરિયાદના મામલે બાબરા JMFC કોર્ટે મહત્વનો હુકમ કર્યો છે. ફરિયાદી કૌશિકભાઈ નાનાલાલ ભરાડના જણાવ્યા મુજબ, તા. ૨૧/૦૮/૨૦૨૫ના રોજ RTI અરજી કર્યા બાદ તેમને ખેંચી લઈ મારપીટ કરવામાં આવી હતી. ફરિયાદી અને સાક્ષીઓના નિવેદનો તેમજ રજૂ કરાયેલા મેડિકલ પુરાવાઓને ધ્યાને લઈ કોર્ટે BNSની કલમ ૧૧૫ તથા ૧૧૭(૨) હેઠળ પ્રથમદ્રષ્ટિએ કેસ બનતો હોવાનું નોંધ્યું છે. કોર્ટે સમગ્ર મામલો ક્રિમિનલ કેસ તરીકે નોંધવાનો હુકમ કરી આરોપી પ્રવીણ કરકર, અશ્વિન મકવાણા અને ધર્મેશ વાવડીયા વિરુધ્ધ સમન્સ ઈશ્યૂ કરવાનો આદેશ કર્યો છે. જોકે, આરોપો અંગે અંતિમ નિર્ણય કોર્ટની આગળની કાર્યવાહી બાદ જ થશે.

## અમરેલીની મોંઘીબા મહિલા કોલેજમાં 'તમાકુ મુક્ત શિક્ષણ સંસ્થા' અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આટ્ર્સ કૉલેજ ખાતે NSS વિભાગ દ્વારા 'તમાકુ મુક્ત શિક્ષણ સંસ્થા' પ્રકલ્પ અંતર્ગત તમાકુ અને વ્યસનમુક્તિ જાગૃતિ કાર્યક્રમ તેમજ શપથવિધિ યોજાઈ હતી. ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. વિલાસબહેન સોરઠિયાએ તમાકુ અને અન્ય વ્યસનોની પરિવાર



તથા સમાજ પર પડતી ગંભીર અસરો અંગે વિદ્યાર્થિનીઓને માહિતગાર કર્યા હતા. બ્રહ્માકુમારી સંસ્થાનના ડૉ. એસ. આર. દવે અને કિંજલબેને નકારાત્મક વિચારો તેમજ ડિજિટલ સાધનોની ગુલામીમાંથી મુક્ત થઈને સ્વસ્થ અને નિરોગી જીવનશૈલી અપનાવવાનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત વિદ્યાર્થિનીઓ અને સ્ટાફે વ્યસનોથી દૂર રહેવાના તથા સમાજમાં જાગૃતિ ફેલાવવાના શપથ લીધા હતા. આ આયોજનથી સંસ્કાર, સેવા અને ચારિત્ર્ય દ્વારા તંદુરસ્ત સમાજ નિર્માણની સમજ મળી હતી. સ્ટાફ અને NSS વિભાગના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો અને આચાર્યશ્રીએ આભાર દર્શન કર્યું હતું.

## ઈશ્વરીયા પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી અં.૧૪ ચેસ સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ

અમરેલી,તા.૨૨



પીએમશ્રી ‘‘મદદ’’ શ્રી ઈશ્વરીયા પ્રાથમિક શાળાના વિદ્યાર્થી સચિન મુકેશભાઈ નકુમે SGFI દ્વારા યોજાયેલી જિલ્લા કક્ષાની અંડર-૧૪ ચેસ સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. બાળપણથી ચેસમાં રસ ધરાવતા સચિને પોતાની બુધ્ધિમત્તા, એકાગ્રતા અને સચોટ રણનીતિથી શાનદાર રમતનું પ્રદર્શન કરી તમામ રાઉન્ડ જીતી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. હવે તે રાજ્ય કક્ષાની ચેસ સ્પર્ધામાં અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. તેની સિધ્ધિ બદલ માર્ગદર્શક શિક્ષક પીન્ટુભાઈ સંઘાણી, શિક્ષકો તથા વાલીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

**વિઠ્ઠલપુર ખંભાળિયાના યુવક સામે ફરિયાદ**

## "આજે તો તું બચી ગયો, પણ હવે તું મળીશ તો જીવતો નહીં રહે" કહી સિવિલ એન્જિનિયરને ધમકી આપી

અમરેલી, તા. ૨૨

અમરેલીમાં લાયબ્રેરી રોડ પર વિઠ્ઠલપુર ખંભાળિયાના એક સિવિલ એન્જિનિયરને તેના જ ગામના યુવકે, "આજે તો તું બચી ગયો, પણ હવે તું મળીશ તો જીવતો નહીં રહે" તેવી ધમકી આપીને પોલીસ ફરિયાદ પાછી ખેંચવા દબાણ કર્યું હતું. આ અંગે જનકભાઈ કિશોરભાઈ ભાસ્કર (ઉ.વ.૨૭) એ લાલા રમેશભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ, અગાઉ આરોપીએ તેમની વિરુધ્ધ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. તેમણે તે એફ.આઈ. આર. ક્વોશિંગ માટે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી.

આ બાબતની અદાવત રાખીને, જ્યારે તેઓ અમરેલીની 'કોલેજિયન' કપડાની દુકાનમાંથી કપડાંની ખરીદી કરીને લાયબ્રેરી રોડ પર પોતાનું મોટરસાઈકલ લઈને જતા હતા, તે દરમિયાન આરોપી ત્યાં ફોર-વ્હીલર લઈને આવી પહોંચ્યો હતો. આરોપીએ તેમને કહ્યું કે, "હાલ જાવા દે, નીકળ", જેથી તેમણે કહ્યું કે, "હું નીકળું છું". આ સાંભળીને આરોપીએ તેમને ગાળો આપીને ગાલ પર ત્રણથી ચાર લાફા માર્યા હતા. ત્યારબાદ આરોપી પોતાની કારમાંથી લાકડી લઈને આવ્યો હતો અને તેમને જાનથી મારી નાખવાના ઈરાદે મારવા જતાં, પ્રથમ ઘા તેમના મોટરસાઈકલ પર લાગ્યો હતો.

જેથી તેઓ પોતાનો જીવ બચાવવા ભાગ્યા હતા, પરંતુ આરોપીએ તેમની પાછળ દોડીને ફરીવાર લાકડીનો ઘા તેમના માથામાં માર્યો હતો. ત્યારબાદ આરોપીએ, "આજે તો તું બચી ગયો, પણ હવે

**પોલીસ ફરિયાદની અદાવતમાં ઘટના બની**

તું મળીશ તો જીવતો નહીં રહે" તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. આર. ડી. કુવાડિયા વધુ તપાસ કરી રહ્યા છે.

### અવસાન નોંધ

**સાવરકુંડલા**

સંયુક્ત બેસણું સ્વ.પ્રવીણ ચંદ્ર મગનલાલ વ્યાસ તેઓ શ્રી દર્મેન્દ્રભાઈ તથા આશિષભાઈ તથા વિશાલભાઈ તથા શોભના બેનના પિતા તેમજ સ્વ નવનીતરાય મગનલાલ વ્યાસના નાના ભાઈ તથા પ્રકાશભાઈ તથા ડોલર ભાઈના કાકા તેમજ ઘનશ્યામ ભાઈ પુરોહિતના સસરા સ્વ નર્મદાશંકર તથા સ્વ કનૈયાલાલ તથા ડાયાભાઇ તથા વિનોદરાય ઓધવજી ભટ્ટના બનેવીનું દુ:ખદ અવસાન તારીખ ૨૦/૦૮/૨૦૨૬ને ગુરુવારે થયેલ છે. સદગતને બેસણું તારીખ ૨૪/૦૮/૨૦૨૬ને સમય સવારના ૯ થી સાંજના ૬ સુધી અને સ્થળ પરશુરામ ઉપવન ગર્લ્સ હાઈસ્કૂલની બાજુમાં સાવરકુંડલા મુકામે રાખેલ છે.






## સાવરકુંડલાના દિવ્યાંગ સેવાભાવી સંજય ચોટલીયાએ અતિ દુર્લભ સાપને બચાવ્યો

સાવરકુંડલા,તા.૨૨

સાવરકુંડલાના ખોડીયારનગર વિસ્તારના એક મકાનમાં સાપ જોવા મળતાં મકાન માલિકે છેલ્લા ૨૨ વર્ષથી સાપ બચાવવાની સેવા આપતા દિવ્યાંગ સંજય ચોટલીયાને જાણ કરી હતી. સંજયભાઇ તુરંત જ ત્યાં પહોંચીને બિનઝેરી, અતિ



તસવીર : સૌરભ દોશી

દુર્લભ અને સુંદર સાપનું રેસ્ક્યુ કર્યું હતું. આ સાપનું નામ સ્ટ્રીપેડ કિલ્બેક પીળા પટ્ટા વાળા સાપ છે. તેમણે કહ્યું હતું કે, મેં આવો સાપ મેં આઠ વર્ષ પહેલા પકડેલ હતો ત્યારબાદ આજે ફરી આવા સાપનું રેસ્ક્યું કર્યું છે. તેમણે કોઈપણ સાપ નહીં મારવાની અપીલ કરી હતી. સંજયભાઈને એક હાથ ના હોવા છતાં તેઓ સાપને સહેલાઈથી પકડીને સુરક્ષિત જગ્યાએ છોડી મુકે છે. જ્યારે મકાન માલિકે કેટલા પૈસા આપવાનું પૂછ્યું ત્યારે સંજયભાઈ કહ્યું કે, હું આ કામના પૈસા નથી લેતો પણ જો આપવું હોઈ તો ચોપડા, બોલપેન, પેન્સિલ, સ્ટેશનરી જેવી વસ્તુ આપો જેથી હું ગરીબ અને જરીરિયાતમંદ બાળકોને આપી શકું.









**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.૨૮૧/૨૦૨૬
જન્મ તારીખ : ૨૦/૦૩/૧૯૭૪

ભાણજીભાઈ ગોવિંદભાઈ વાઢીયા,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર,
તાલુકો-કોડીનાર જિલ્લો-ગીર સોમનાથ --અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત અરણેજ, તા, કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ --સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભાણજીભાઈ ગોવિંદભાઇ વાઢીયા,રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી કેશવ રૂગનાથ વાઢીયા તથા પાર્વતી કેશવ વાઢીયા ના પુત્ર ચંદ્રકાંતનો જન્મ તારીખ ૨૦/૦૩/૧૯૭૪ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૮/૦૮/ ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર




રાજયમંત્રી કૌશિક વેકરીયા, ધારાસભ્ય મહેશ કસવાળા, પાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાની હાજરીમાં

# અમરેલી વિદ્યાસભા ખાતે ૭૭મો વન મહોત્સવ ઉજવાયો

અમરેલી,તા.૨૩

અમરેલી ખાતે ઊર્જા અને કાયદા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને શાંતાબહેન હરિભાઈ ગજેરા વિદ્યાસભા કેમ્પસમાં જિલ્લા કક્ષાનો ૭૭મો વન મહોત્સવ યોજાયો હતો. સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયાની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત લોકોને પર્યાવરણ જતન માટે પ્રેરણા આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોએ બીજ મેળાની મુલાકાત લઈ વિવિધ પ્રજાતિના બીજ તેમજ વન વિભાગની કામગીરી અંગે માહિતી મેળવી હતી. ત્યારબાદ વિદ્યાસભા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના પનોતા પુત્ર કનૈયાલાલ મુનશીએ વર્ષ ૧૯૫૦માં વન મહોત્સવની શરૂઆત કરી હતી. આજે ૭૭મો વન મહોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે માત્ર સરકાર દ્વારા વૃક્ષો વાવવા પૂરતું નથી, પરંતુ દરેક નાગરિકે વૃક્ષારોપણ કરી તેના જતનની જવાબદારી નિભાવવી જરૂરી છે.તેમણે 'એક વૃક્ષ માતાના નામે' અભિયાનનો ઉલ્લેખ કરી દરેક વ્યક્તિને પોતાની માતાના નામે વૃક્ષ



વાવવા તેમજ પોતાના નામે ઓછામાં ઓછા પાંચ વૃક્ષો વાવવાનો સંકલ્પ કરવા અપીલ કરી હતી. અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧ વન કવચનું નિર્માણ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન વધુ ૮ હેક્ટર વિસ્તારમાં ૮ નવા વન કવચ બનાવવામાં આવશે. કાર્યક્રમમાં વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે જિલ્લામાં ૧૬ નર્સરીમાં ઉછેરવામાં આવેલા ૧૫ લાખ રોપા વિતરણ માટે ઉપલબ્ધ છે. અમરેલી વિભાગના વિવિધ વિસ્તારોમાં આશરે ૪૩૦ હેક્ટર વિસ્તારમાં બે લાખ રોપા વાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે ખેલાડીઓ, ખેડૂતો અને લાભાર્થીઓનું સન્માન કરાયું હતું. વિદ્યાર્થીઓએ વૃક્ષ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવતી સાંસ્કૃતિક કૃતિ રજૂ કરી હતી. નિશુલ્ક રોપા વિતરણ માટે વૃક્ષ રથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવાયું હતું. દરમિયાન અમરેલી તાલુકાના અમરપુર વરૂડી મુકામે પણ રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે નવા નીરના વધામણા કરવામાં આવ્યા હતા. વરસાદી માહોલ વચ્ચે જળાશયોમાં નવા નીરની આવક થતાં ગ્રામજનો અને ખેડૂતોમાં આનંદ જોવા મળ્યો હતો. રાજ્યમંત્રીએ જળાશય ખાતે નવા નીરનું પૂજન કરી જળસંચયનું મહત્વ સમજાવ્યું હતું.તેમણે જણાવ્યું હતું કે વરસાદી પાણીનો દરેક ટીપો અમૂલ્ય છે. તળાવો, ચેકડેમ અને અન્ય જળસંચયના સ્થળોએ વરસાદી પાણીનો સંગ્રહ કરી તેનો યોગ્ય ઉપયોગ કરવો સૌની જવાબદારી છે. નવા નીરની આવકથી ખેતી, સિંચાઈ અને પશુપાલનને લાભ થવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## સાવરકુંડલાની ગુરુકુળ શાળામાં સંસ્કૃત સપ્તાહ અને કલા મહોત્સવની ઉજવણી

સાવરકુંડલા,તા.૨૨

સાવરકુંડલામાં ગુરુકુળ શાળાના સાયન્સ વિભાગના ધો. ૯ના વિદ્યાર્થીઓ માટે આજે સંસ્કૃત સપ્તાહ અને કલા મહોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં વિવિધ ચિત્ર, રંગોળી, વકૃતત્વ, નિબંધ લેખન, ગાયન, વાદન વગેરે જેવી સ્પર્ધા યોજવામાં આવેલ હતી. દેવ ભાષા સંસ્કૃતને ઉજાગર કરવા



માટે વિદ્યાર્થીઓએ ૩૦૦ જેટલા સંસ્કૃતના શ્લોક ગાન કંઠસ્થ કરેલ. સંસ્થાના વડા શાસ્ત્રી ભગવત પ્રસાદદાસજી સ્વામી અને સંસ્થાનાં પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામીએ રાજીપો વ્યક્ત કર્યો હતો.

સંસ્થાનાં મેનેજિંગ ટ્રસ્ટી કોઠારી અક્ષરમુક્તદાસજી સ્વામી અને સંસ્થાનાં ડાયરેક્ટર અને આચાર્ય સાથે રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## રાજુલા શહેરમાં દારૂનું વ્યસનથી પુરૂષનું સારવાર દરમિયાન મોત

રાજુલા, તા.૨૨

રાજુલામાં રહેતા એક વ્યક્તિને દારૂનું વ્યસન હતું. જેના કારણે લિવર તેમજ પેટમાં પાણી ભરાઈ જવાની બીમારી હોવાથી તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. બનાવ અંગે યુનુસભાઈ મુસાભાઈ ઝાખરા (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, સતારભાઈ મુસાભાઈ ઝાખરા (ઉ.વ.૪૦)ને દારૂ પીવાનું વ્યસન હતું. જેના લીધે છેલ્લા ત્રણેક વર્ષથી લિવર તેમજ પેટમાં પાણી ભરાઈ જવાની બીમારી હતી.

તેઓ આ બીમારીના કારણે સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એમ. કાલોદરા વધુ તપાસ કરી રહ્યા છે.

## રાજુલામાં જ્ઞાતિની વાડીમાં વીડિયોગ્રાફી મુદ્દે માથાકૂટ થઈ

**મુંઢ ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી**

રાજુલા, તા. ૨૨

રાજુલામાં જ્ઞાતિની વાડીમાં વીડિયોગ્રાફી મુદ્દે માથાકૂટ થઈ હતી. જેમાં એક વ્યક્તિને મુંઢ ઈજા પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે પ્રવિણભાઈ ધરમશીભાઈ મકવાણા (ઉ.વ.૫૫)એ વિનોદભાઈ મગનભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, રાજુલા મુકામે લુહાર-સુથાર જ્ઞાતિની વાડી ખાતે સમાજના હિસાબ બાબતે એક મીટિંગ રાખવામાં આવી હતી. આ મીટિંગમાં સમાજના આગેવાનો એકત્ર થયા હતા અને હિસાબ બાબતે ચર્ચા ચાલી રહી હતી. આ દરમિયાન ફરિયાદી મીટિંગની વીડિયોગ્રાફી કરતા હતા, જે આરોપીને સારું ન લાગતાં તેણે જેમ ફાવે તેમ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ તેણે ફરિયાદીના ગાલ પર ઝાપટ મારી હતી અને તેમનો હાથ પકડીને તેમને નીચે પછાડી દીધા હતા. આમ, આરોપીએ તેમને મુંઢ ઈજાઓ પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે રાજુલા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. બી. એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજની બે NSS વિદ્યાર્થિનીઓની 'રિપબ્લિક ડે પરેડ' માટે પસંદગી

અમરેલી,તા.૨૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે યોજાયેલી 'રિપબ્લિક ડે પરેડ'ની પસંદગી પ્રક્રિયામાં અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજના NSS વિભાગની T.Y. B.A.ની વિદ્યાર્થિનીઓ વાઘેલા ઊર્મિલા અને ભાદરકા રેણુની પસંદગી થઈ છે. બંને વિદ્યાર્થિનીઓએ





પોતાની શારીરિક ક્ષમતા, શિસ્ત, આત્મવિશ્વાસ અને દેશભક્તિની ભાવનાનું ઉત્તમ પ્રદર્શન કરીને કૉલેજ તથા NSS વિભાગનું ગૌરવ વધાર્યું છે. રાજ્ય કક્ષાની પરેડમાં પસંદ પામેલી આ છાત્રો હવે આગામી તબક્કા માટે અમદાવાદ ખાતે યોજાનારા કેમ્પમાં ભાગ લેશે. આ ઉત્કૃષ્ટ સિધ્ધિ બદલ કૉલેજના આચાર્ય વિલાસબેન સોરઠિયા, NSS પ્રોગ્રામ ઑફિસર ડૉ. નિરૂપા ટાંક અને સમગ્ર કૉલેજ પરિવારે બંને વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવી રાજ્ય કક્ષાએ પણ સફળતા મેળવવા શુભેચ્છાઓ આપી હતી. આ સિધ્ધિ અન્ય વિદ્યાર્થિનીઓ માટે પ્રેરણાદાયી બની રહી છે.

## લીલીયા સરકારી વિનયન કોલેજમાં વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી

લીલીયા,તા.૨૨

લીલીયા ખાતે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં ૨૧ ઓગસ્ટે ઈનોવેશન ક્લબ અને SSIPના સંયુક્ત ઉપક્રમે વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં જાફરાબાદ કોલેજના




આચાર્ય પ્રો. ડૉ. વિરલકુમાર શીલુએ તજજ્ઞ વક્તા તરીકે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. પ્રથમ સેશનમાં 'ભારતના યુવાનો માટે ઉદ્યોગ સાહસિકતાનું મહત્વ' વિષય પર યુવાનોને નોકરી શોધનારને બદલે નોકરી આપનાર બનવા પ્રેરણા આપવામાં આવી હતી. બીજા સેશનમાં 'ઈનોવેશન અને સર્જનાત્મકતા' વિષય પર નવા વિચારો, પ્રોબ્લેમ સોલ્વિંગ અને આઈડિયાને POC સુધી લઈ જવા અંગે માર્ગદર્શન અપાયું હતું.કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ડૉ. મહેશ ગઢિયાએ સંચાલન કર્યું હતું, જ્યારે ડૉ. વિરાજબેન રાઠોડે આભારવિધિ કરી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૫૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૦ |
| જુવાર સફેદ | ૧૧૩૫ | ૧૩૧૦ |
| જુવાર લાલ | ૬૫૦ | ૧૦૨૫ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૩૭૬ | ૪૬૬ |
| મકાઇ | ૪૩૧ | ૫૧૦ |
| તુવેર | ૧૧૧૦ | ૧૫૮૧ |
| ચણા પીળા | ૧૦૧૫ | ૧૨૪૦ |
| ચણા સફેદ | ૧૨૫૦ | ૧૮૭૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૮૦૧ |
| મગ | ૧૧૦૦ | ૧૫૭૫ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૨૬૦ |
| ચોળી | ૯૨૫ | ૧૬૦૦ |
| વટાણા | ૫૮૦ | ૮૧૩ |
| સીંગદાણા | ૧૬૧૦ | ૨૦૫૦ |
| મગફળી જાડી | ૧૩૫૦ | ૧૫૮૦ |
| મગફળી જીણી | ૧૨૭૦ | ૧૫૨૦ |
| તલી | ૨૦૪૦ | ૨૪૧૫ |
| એરંડા | ૧૩૭૦ | ૧૪૩૯ |
| અજમો | ૧૩૫૦ | ૨૯૫૧ |
| સુવા | ૧૫૦૦ | ૧૫૫૫ |
| સોયાબીન | ૧૧૫૧ | ૧૨૬૦ |
| સીંગફાડા | ૧૩૪૦ | ૧૭૭૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૩૦૦ |
| લસણ | ૧૦૮૦ | ૨૪૫૦ |
| ધાણા | ૨૭૦૦ | ૨૯૪૦ |
| ધાણી | ૨૮૦૦ | ૩૧૬૦ |
| વરીયાળી | ૧૦૬૦ | ૧૯૩૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૩૮૮૬ |
| રાય | ૧૩૫૦ | ૧૮૬૪ |
| મેથી | ૮૬૦ | ૧૪૦૦ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૨૧૦૦ |
| કલોંજી | ૩૧૦૦ | ૩૫૨૦ |
| રાયડો | ૧૨૬૦ | ૧૫૧૪ |
| રજકાનું બી | ૭૮૦૦ | ૧૦૮૪૦ |
| ગુવારનું બી | ૧૦૪૦ | ૧૧૧૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૫૮૮ | ૧૦૭૯ |
| પપૈયા | ૧૯૫ | ૪૦૭ |
| બટેટા | ૬૯ | ૨૬૪ |
| ડુંગળી સુકી | ૩૫૦ | ૭૬૫ |
| ટમેટા | ૨૧૨ | ૩૨૬ |
| સુરણ | ૯૧૩ | ૧૧૮૪ |
| કોથમરી | ૧૬૧ | ૩૨૧ |
| મુળા | ૪૨૧ | ૬૧૯ |
| રીંગણા | ૩૨૫ | ૭૧૮ |
| કોબીજ | ૧૭૯ | ૩૨૨ |
| ફ્લાવર | ૪૭૧ | ૭૯૦ |
| ભીંડો | ૩૮૯ | ૮૬૧ |
| ગુવાર | ૧૨૨૭ | ૧૯૭૧ |
| ચોળાસીંગ | ૬૩૩ | ૯૮૨ |
| વાલોળ | ૬૭૪ | ૧૦૧૪ |
| ટીંડોળા | ૬૨૩ | ૧૧૮૧ |
| દુધી | ૩૦૫ | ૪૫૨ |
| કારેલા | ૩૭૫ | ૫૬૯ |
| સરગવો | ૫૮૮ | ૧૦૯૭ |
| તુરીયા | ૪૫૫ | ૮૪૩ |
| પરવર | ૭૧૯ | ૧૦૨૮ |
| કાકડી | ૨૨૭ | ૫૦૬ |
| ગાજર | ૨૭૧ | ૪૧૧ |
| વટાણા | ૧૫૮૩ | ૨૫૫૪ |
| કંટોળા | ૨૦૩૫ | ૨૩૯૭ |
| ગલકા | ૧૬૯ | ૩૬૦ |
| બીટ | ૩૧૯ | ૫૨૬ |
| મેથી | ૪૩૯ | ૬૫૩ |
| વાલ | ૧૧૭૭ | ૧૪૨૪ |
| ડુંગળી લીલી | ૫૯૧ | ૮૨૫ |
| આદુ | ૧૨૨૭ | ૩૦૧૨ |
| મરચા લીલા | ૫૨૫ | ૬૯૦ |
| મગફળી લીલી | ૪૧૩ | ૮૩૬ |
| મકાઇ લીલી | ૨૨૧ | ૪૧૯ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૯૨૫ |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૬૪૨ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૩૬૬ |
| સિંગદાણા જાડા | ૧૨૦૦ | ૧૯૮૧ |
| સિંગ ફાડીયા | ૧૧૦૦ | ૧૮૪૧ |
| એરંડા / એરંડી | ૧૩૮૧ | ૧૪૨૧ |
| જીરૂ | ૨૧૫૧ | ૩૯૪૧ |
| કલંજી | ૨૩૦૧ | ૩૫૩૧ |
| ધાણા | ૨૫૦૧ | ૩૦૮૧ |
| અડદ | ૧૨૦૧ | ૧૪૭૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૭૧ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૯૧ |
| કાંગ | ૩૧૧ | ૭૬૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૬૪૧ |
| ધાણી | ૨૭૦૧ | ૩૨૨૧ |
| બાજરો | ૩૦૧ | ૪૦૧ |
| જુવાર | ૧૦૮૧ | ૧૨૫૧ |
| મગ | ૧૦૦૦ | ૧૪૯૧ |
| વાલ | ૭૦૦ | ૧૨૦૧ |
| સોયાબીન | ૧૦૫૧ | ૧૧૮૧ |
| ગોગળી | ૯૦૧ | ૧૩૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૮૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૮ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૧૦ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| મૂળા પુરા | ૨ | ૭ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| પરવર | ૯૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૮ | ૨૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોર | ૨૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૯૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૨ |
| પાલક પુરા | ૧ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૨૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૨૧૧૦ |
| તલ સફેદ | ૧૪૪૦ | ૨૪૭૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૬૦૦ |
| બાજરો | ૩૬૫ | ૩૭૫ |
| જુવાર | ૫૭૫ | ૧૧૭૦ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૬૫ |
| ઘઉં લોકવન | ૪૧૫ | ૫૭૦ |
| મકાઈ | ૪૮૫ | ૪૮૫ |
| મગ | ૬૦૫ | ૧૩૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૩૫ |
| સફેદ ચણા | ૬૦૦ | ૧૨૯૦ |
| તુવેર | ૭૮૦ | ૧૪૯૫ |
| કપાસ | ૧૦૧૦ | ૨૦૪૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૩૭૦ |
| જીરૂ | ૨૯૩૦ | ૩૭૭૦ |
| ધાણી | ૨૩૫૦ | ૩૦૫૫ |
| મેથી | ૧૨૨૫ | ૧૪૭૦ |
| સોયાબીન | ૧૦૫૫ | ૧૨૧૫ |
| કાંગ | ૬૨૫ | ૬૨૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૦૦ | ૨૨૦ |
| રીંગણા | ૭૦૦ | ૯૦૦ |
| ફુલાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| શક્કરિયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટમેટા | ૪૨૦ | ૫૧૦ |
| સુરણ | ૯૪૦ | ૧૦૪૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૩૧૦ | ૪૨૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૫૦ |
| મૂળા | ૨૫૦ | ૩૫૦ |
| કાકડી | ૨૨૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૯૫૦ |
| વાલોળ | ૬૦૦ | ૮૦૦ |
| વટાણા | ૨૫૫૦ | ૩૦૫૦ |
| ચોળા લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| કંટોલા | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ચીભડા | ૫૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૩૦ |
| શીંગઓળા | ૬૦૦ | ૯૦૦ |
| આદુ | ૧૩૦૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૯૩૦ | ૧૦૨૦ |
| ટીંડોરા | ૯૦૦ | ૧૦૦૦ |
| બીટ | ૪૮૦ | ૬૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૮૦ |
| મરચા લીલા | ૬૧૦ | ૮૨૦ |
| ડુંગળી લીલી | ૮૫૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૬૦૦ | ૬૮૦ |
| લસણ સૂકું | ૧૨૦૦ | ૨૬૫૦ |
| પાલક | ૫૨૦ | ૬૩૦ |
| લીંબુ | ૪૦૦ | ૭૦૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૨૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૮૪૦ | ૨૦૦૧ |
| જીરૂ | ૩૩૨૫ | ૩૭૪૦ |
| ચણા | ૧૨૧૦ | ૧૨૪૦ |
| ઘઉં | ૫૧૧ | ૫૩૪ |
| **ધારી** | | |
| કપાસ | ૧૬૦૫ | ૧૯૦૦ |
| મેથી | ૧૩૦૧ | ૧૩૦૧ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૮ | ૫૧૨ |
| ઘઉં | ૫૧૦ | ૫૭૮ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૯૬ |
| મગ | ૯૦૦ | ૧૫૪૬ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૩૦ |
| સફેદ તલ | ૧૪૦૦ | ૨૧૮૦ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૩૮૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૨૪૦ |
| રજકો | ૭૦૦૦ | ૯૦૫૦ |
| **બગસરા** | | |
| કપાસ નવો | ૧૫૭૦ | ૧૬૯૫ |
| મગફળી | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ઘઉં લોકવન | ૫૦૩ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૪૧ |
| ધાણા | ૨૬૯૦ | ૨૬૯૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૧૭૫ |
| તલ કાળા | ૨૮૧૦ | ૨૮૧૦ |
| લશણ | ૭૦૦ | ૧૬૩૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૭૬ |
| ઘઉં | ૪૮૬ | ૫૫૧ |
| મકાઈ | ૨૦૧ | ૨૦૧ |
| ચણા | ૮૦૧ | ૧૨૨૧ |
| વાલ | ૪૦૦ | ૪૦૦ |
| અડદ | ૧૦૪૧ | ૧૦૪૧ |
| તુવેર | ૧૩૭૬ | ૧૩૭૬ |
| શિંગ દાણા | ૧૫૦૧ | ૧૮૩૬ |
| શિંગ ફાડા | ૧૪૦૧ | ૧૪૦૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૩૬૧ |
| તલ કાળા | ૨૯૬૧ | ૨૬૯૧ |
| જીરૂ | ૩૦૮૧ | ૩૦૮૧ |
| ધાણા | ૨૦૦૧ | ૨૯૦૧ |
| લસણ | ૫૦૧ | ૨૨૦૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૧૬૬ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૨૦૦ | ૧૩૯૭ |
| શિંગ દાણા | ૧૫૦૦ | ૧૭૫૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૩૫૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૩૫૦ |
| જીરૂ | ---- | ૩૫૫૧ |
| કપાસ | ૧૪૦૦ | ૧૮૯૦ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૩૬ |
| બાજરો | ૩૫૦ | ૪૬૫ |
| મગ | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ચણા | ૧૧૨૦ | ૧૨૬૬ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૮૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૭૦ |
| બાજરી | ૩૦૦ | ૩૮૫ |
| ઘઉં | ૪૯૦ | ૫૫૯ |
| અડદ | ૧૪૦૦ | ૧૬૬૦ |
| તુવેર | ૫૦૦ | ૮૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૪૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૨૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તલી | ૧૭૦૦ | ૨૩૬૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૨૬૬૫ |
| લસણ | ૮૦૦ | ૨૫૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૩૦ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૭૫૫ |
| ડુંગળી નાસિક | ૫૯૬ | ૯૦૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૨૦૬૦ |
| વટાણા | ૬૦૦ | ૬૪૫ |
| **મહુવા** | | |
| જુવાર | ૪૮૨ | ૬૫૮ |
| બાજરી | ૪૦૫ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૭૪ | ૫૭૫ |
| રાય | ૧૮૦૧ | ૧૮૦૧ |
| અડદ | ૬૦૦ | ૬૦૦ |
| મગ | ૫૦૦ | ૫૦૦ |
| મેથી | ૧૧૩૦ | ૧૧૩૦ |
| તલ સફેદ | ૨૨૯૬ | ૨૨૯૬ |
| તલ કાળા | ૨૪૦૦ | ૩૦૫૪ |
| તુવેર | ૧૧૯૧ | ૧૯૧૧ |
| ધાણા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ડુંગળી લાલ | ૭૫ | ૭૧૬ |
| ડુંગળી સફેદ | ૧૬૨ | ૪૬૯ |
| નાળીયેર | ૩૪૦ | ૨૭૬૧ |
| **રાજુલા** | | |
| તલ કાળા | ૨૭૦૧ | ૨૭૨૫ |
| કપાસ | ૧૭૦૧ | ૧૭૦૧ |
| બાજરો | ૩૭૫ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| જુવાર | ૫૦૦ | ૫૨૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |



06

વાર્તા વિશ્વ : એક સ્ત્રીની મુલાકાત - ૨



06

સપ્તરંગ: શિવ અને પાર્વતીના પ્રસન્ન દામ્પત્યનું રહસ્ય શું છે ?

## અગર વો કબીર કલા મંચવાલે ઈવેન્ટ્સ હમારે યહાં નહીં હોતે તો ઈતના કુછ નહીં હોતા



વિચાર વલોણું



જયવંત પંડ્યા

પૂણેમાં એક ઝૂંપડપટ્ટી વિસ્તાર આવેલો છે. તેમાં બે મિત્રો રહેતા હતા- સંતોષ અને પ્રશાંત. સંતોષ વસંત શેલર પેઈન્ટર તરીકે પણ જાણીતો હતો. તેના પિતા પણ પેઈન્ટર હતા. ઝૂંપડપટ્ટીમાં શેરી નાટક ભજવવા કબીર કલા મંચના લોકો વારંવાર આવતા. નાટકો ગરીબી પર જ વધુ હોય. નાટક દ્વારા પ્રશાંત અને સંતોષના મનમાં તેમણે ઠસાવવા લાગ્યું કે "તારી ગરીબી આ સડેલી સિસ્ટમના કારણે છે."

૨૦૧૦માં બંને એકાએક અદૃશ્ય થઈ ગયા. નવ વર્ષ પછી ખબર પડી કે સંતોષ છત્તીસગઢમાં નક્સલી કમાન્ડર બની ગયો છે. તે તેના માંદા અને પથારીવશ પિતાને ઘરે છોડીને 'નકલી ક્રાંતિ'માં ભાગ લેવા માટે ઘર છોડીને ભાગી ગયો હતો ! તેની માતા રડતી રડતી કહેતી હતી, "અગર વો કબીર કલા મંચવાલે ઈવેન્ટ્સ હમારે યહાં નહીં હોતે તો ઈતના કુછ નહીં હોતા."

બીજો મિત્ર પ્રકાશ કાંબળે નક્સલી મિલિન્દ તેલતુંબડેનો અંગરક્ષક બની ગયો હતો. જ્યારે ગઢચિરોલીમાં તેલતુંબડે પોલીસ અથડામણમાં મરી ગયો ત્યારે પોલીસને એક ગુપ્ત દસ્તાવેજ પ્રાપ્ત થયો હતો: યુવાનોને કઈ રીતે નક્સલવાદમાં જોડવા. તેમને કયા પુસ્તકો આપવાં અને તેમનું રક્ષણ કઈ રીતે કરવું.

તાજેતરમાં ૧૫ ઑગસ્ટે લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'હથિયારી નક્સલ તો ગયે (નક્સલીઓ મોટા પાયે પોલીસ અથડામણમાં મૃત્યુ પામ્યા છે અથવા શરણે આવી ગયા છે), લેકિન દિમાગી નક્સલ મૌકે કી તલાશ મેં હૈ. હિંસા અરાજકતા કે વો રાસ્તે ખોજ રહે હૈ. ઈન દિમાગી નક્સલિયોં કો પહચાનના હોગા. ઈન દિમાગી નક્સલિયોં કો આઈસોલેટ કરના હોગા ઔર રાષ્ટ્ર કો વિકસિત રાષ્ટ્ર બનાને કી મુખ્ય ધારા કી ઓર દેશ કી યુવા પીઢી કો જોડના હોગા."

વડા પ્રધાને આવું કહ્યું એટલે વિપક્ષોને બરાબર લાગી આવ્યું. શરૂઆત પૂર્વ ગૃહ પ્રધાન પી. ચિદમ્બરમે કરી. તેમણે કહ્યું કે હા, હું દિમાગી નક્સલ છું. થોડાં વર્ષો પૂર્વે અરવિંદ કેજરીવાલે પોતાને નક્સલ કહેવા સામે વિરોધ વ્યક્ત કર્યો હતો, પરંતુ આ વખતે તેમણે પણ કહ્યું, "હા હું દિમાગી નક્સલ છું." એ રીતે ઘણા વિપક્ષી નેતાઓ જેમ ચોમાસામાં જીવડા એકાએક ઉડવા લાગે તેમ ઉડવા લાગ્યા. વડા પ્રધાનનું તીર બરાબર નિશાન પર લાગ્યું હતું.

ઉપર કહ્યું તેમ યુવાનોને નક્સલી બનાવવા માટે સાહિત્ય અને કળા એ ડાબેરીઓનું બહુ મોટું શસ્ત્ર છે. હિન્દુવાદી લોકો એ બંને ક્ષેત્રે લગભગ શૂન્ય છે. હિન્દી કવિ સંમેલનોમાં દુષ્યંતકુમાર, મૈથિલીશરણ ગુપ્ત, રામધારીસિંહ દિનકર, શિવમંગલસિંહ સુમન આદિ ધૂરંધર કવિઓ જેવા કવિઓ હવે હોતા નથી. ત્યાં બસ, હા-હા-હી-હી કરનારા કવિઓ જ આવે છે. કાં તો મોદી-યોગીની ચમચાગીરી કરનારા હોય છે. વૈચારિક રીતે પક્ષ મૂકી શકે તેવા કવિઓ નથી હોતા. અને તેઓ જે બોલે છે તે કવિતા પણ નથી હોતી. કળા ક્ષેત્રે છેલ્લાં ચાર-પાંચ વર્ષથી વિવેક રંજન અગ્નિહોત્રી, વિપુલ એ. શાહ આદિ નિર્દેશકો ફિલ્મ બનાવી રહ્યા છે, પરંતુ વ્યવસ્થિત રીતે નાટકો, ફિલ્મો, ધારાવાહિકો, વેબ શ્રેણીઓ બનાવવા માટે કોઈ મંચ નથી જેમાંથી આવા કલાકારો નીકળે.

સ્વતંત્રતા કાળથી ઈન્ડિયન પીપલ્સ થિયેટર એસોસિએશન (ઈપ્ટા) જેવી સંસ્થાઓ છે, જેમાંથી બલરાજ સહાની, ઝોહરા સહગલ, પૃથ્વીરાજ કપૂર, ઉત્પલ દત્ત, શંભુ મિત્ર, એ. કે. હંગલ, હબીબ તનવર, દિના પાઠક (જેમનાં પુત્રી રત્ના પાઠક શાહ તો અત્યારે એકદમ કટ્ટર ડાબેરી બની ગયા છે, કરવા ચોથનો વિરોધ કરે છે અને દિમાગી નક્સલની તરફેણમાં પણ પોતાનો વિડિયો બનાવ્યો છે) અને સંજીવકુમાર પણ ખરા. આમાંના કેટલાક એકદમ ડાબેરી ન રહ્યા. પૃથ્વીરાજ કપૂર અને સંજીવકુમાર જેવા અપવાદ કહી શકાય.

આ લોકોએ ફિલ્મોમાં હિન્દુ વિરોધ ચલાવ્યો અને 'મેરા જૂતા હૈ જાપાની સર પે લાલ ટોપી રુસી' કરી એટલે કે રશિયાની ટોપી માથા પર, જાપાન બ્રિટિશ સામ્રાજ્યનું શત્રુ હતું તેથી જાપાનનું પગરખું પગમાં. રાજ કપૂરની 'આવારા' (૧૯૫૧)માં એક જજ (પૃથ્વીરાજ કપૂર) પોતાની પત્નીના આડા સંબંધ હોવાનું માની તેને છોડી દે છે ત્યારે પાછળ શ્રી રામનું ચિત્ર હોય છે. ૨૦૦૧માં આવેલી 'લજ્જા'માં એક કલાકાર જાનકી તેની સાથે રામલીલા ભજવતો મનીષ તેને લગ્ન વગર ગર્ભવતી બનાવી દે છે અને તેને રામલીલાનો નિર્માતા પોતાની વાસના માટે એવું ઠસાવે છે કે જાનકીનું ચક્કર મારી સાથે છે તેથી મનીષ તેને છોડી દે છે. આથી રામ લીલા નાટક ભજવતાં-ભજવતાં જાનકી શ્રી રામ પર વાક્ પ્રહાર કરવા લાગે છે. ૧૯૫૧ની 'આવારા'થી લઈ ૨૦૦૧ની 'લજ્જા' પચાસ વર્ષ અને તે પછીનાં બીજાં પચ્ચીસ વર્ષ ગણો તો ફિલ્મોએ હિન્દુઓને હિન્દુ વિરોધી કરી દીધા. મણિરત્નમની અભિષેક બચ્ચન-ઐશ્વર્યા રાય બચ્ચનવાળી 'રાવણ' ફિલ્મે ન માત્ર રાવણને મહાન અને શ્રી રામને ખલનાયક તરીકે ચિતર્યા પરંતુ વનમાં રહેતા નક્સલને નાયક અને પોલીસને ખલનાયક ચિતર્યા. આ બધાનું પરિણામ આજે આપણે જોઈ રહ્યા છીએ કે લદ્દાખના અતિ સંવેદનશીલ વિસ્તારમાં ગયેલી એક યુવતી, તેને સેનાનાં વાહનો પસાર થતાં હોવાથી થોડો સમય ઊભા રહેવું પડે છે તેમાં સેનાને જેમ ફાવે તેમ બોલવા લાગે છે અને ધમકી આપે છે કે "હું જેન ઝી છું. સંસદમાં મુદ્દો લઈ જઈશ. મારા ટેક્સના પૈસે તમારો પગાર થાય છે."

આના પર જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા સાચું બોલી ગયા. તેમણે કહ્યું, "પહેલાં લોકો એવી ધમકી આપતા હતા કે તમને ખબર છે, મારો બાપ કોણ છે? અને હવે એવી ધમકી આપે છે કે "હું જેન-ઝી છું."

ફિલ્મ-નાટક-ધારાવાહિક અને વેબ શ્રેણી તેમજ કવિતા-વાર્તાઓમાં ડાબેરીઓ-ઈસ્લામિક લોકોનું કૉકટેલ જબરદસ્ત રહ્યું. કવિ સંમેલનના બદલે મુશાયરા, સ્વાગતના બદલે આદાબ, વંદનના બદલે સલામ આપણી ભાષા કાં તો અંગ્રેજી થઈ ગઈ, કાં ઉર્દૂ. 'લાલ સલામ', 'રાવણ', 'હઝારોં ખ્વાહિશે ઐસી', 'ચક્રવ્યૂહ', 'રેડ એલર્ટ: ધ વૉર વિધિન' જેવી અનેક ફિલ્મે નક્સલવાદને ઉચિત ગણાવ્યો. 'માન્યવર'ની કન્યાદાન, સર્ફ ઍક્સલ, તનિષ્ક જેવી અનેક જાહેર ખબર દ્વારા પણ તમારા મગજ પર દર પાંચ મિનિટે પ્રહાર થાય છે. નવી પરિણીત હિન્દુ પત્ની ડિયોડ્રન્ટ છાંટેલા પડોશીથી મોહિત થઈ પોતાનું ચરિત્ર ગુમાવી બેસવા તૈયાર થઈ જાય છે. કૉન્ડમની જાહેરખબરમાં હૉટલનો રૂમ આખા દિવસ માટે બુક કરાવવાનું કહેવાય છે. હૉટલમાં પતિ-પત્ની જાય? એટલે હિન્દુ પરંપરા સામે પ્રશ્ન, હિન્દુ સ્ત્રીને વ્યભિચારિણી બનાવવી, હિન્દુ કન્યાને મુસ્લિમ છોકરાને નમાજ કરવા જવાનું હોવાથી હોળીના રંગોથી બચાવતી બતાવવી આ બધું જાહેરખબર દ્વારા પણ ચાલે છે.

કબીર કલા મંચ અને ઈપ્ટા જેવી સંસ્થાઓ યુવાનો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહે છે કારણકે એક તો કળાનું માધ્યમ. યુવાનીમાં કંઈક કરી છૂટવાની ભાવના બદલાતા અંતઃસ્ત્રાવોના કારણે પ્રગટી હોય. વળી, કૉલેજમાં તો કળા પ્રદર્શન કરવાનું હોય. કળા પ્રદર્શન વિજાતીય વ્યક્તિની નજીક આવવાનું અને તેને પટાવવાનું પણ માધ્યમ બની રહે. યથાર્થમાં તો એવું હોય છે કે કવિનો કોઈ ભાવ પૂછતું નથી. જો જાણીતો કવિ કોઈ પ્રાધ્યાપક કે બીજી કોઈ રીતે સારું ન કમાતો હોય તો તેની નિકટ કોઈ ફરકતું પણ નથી. પરંતુ 'કભી કભી', 'નિકાહ' સહિત અનેક ફિલ્મોમાં એવું બતાવ્યું કે કવિ પર તો કેટલીય છોકરીઓ મોહી પડે છે. એટલે કૉલેજ કાળમાં કબીર કલા મંચ અને ઈપ્ટા જેવી સંસ્થાઓ સાથે જોડાવાનું આકર્ષણ જાગે છે. આ આકર્ષણનું બીજું કારણ એ પણ ખરું કે તેમાંથી કામ મળી રહે છે.

ડાબેરી ઈકૉ સિસ્ટમ જોરદાર. તમે વિચારો કે એ. કે. હંગલપ ન કોઈ એવી ખાસ ડાયલૉગ ડિલિવરી, ન કોઈ એવો અભિનય. ડોકું હલ્યા કરે અને અવાજમાં ધ્રૂજારી રહે. તેમના નામે તમને 'શોલે'ના ઈમામ ચાચાનો એક સંવાદ યાદ આવે કે 'આજ પૂછુંગા ખુદા સે મુઝે દો ચાર બેટે ઔર ક્યોં નહીં દિયે ઈસ ગાંવ પર શહીદ હોને કે લિયે." એ એ. કે. હંગલ દરજી હતા અને જેવા તેવા દરજી નહીં. તેમને વિદેશી રાજદૂતોના પોશાક સિવવા માટે મળતા ! આ કહેવાય ઈકૉ સિસ્ટમ.

એક તરફ, આ ઈકૉ સિસ્ટમ તેમાં જોડાનારને માલામાલ કરી દે. જાવેદ અખ્તર-શબાના આઝમીથી માંડીને અનેક કલાકારો તરી ગયા. પરંતુ ઉપર જણાવ્યું તેમ પ્રશાંત અને સંતોષ જેવા ગરીબ યુવાનોને પોતાનું ઘરબાર છોડાવી પોલીસની સામે કરી દે. લડવા માટે વનમાં મોકલી દે. ડાબેરીઓના આવા બ્રેઈનવૉશિંગનો એક શિકાર એટલે જાણીતા અભિનેતા-ગાયક પીયૂષ મિશ્ર.

તેમણે ઘણા ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે તેમના જીવનનાં વીસ વર્ષ વેડફાઈ ગયાં. યુવાનીના દિવસોમાં ડાબેરી વિચારધારાએ તેમના મગજ (મગજને હિન્દીમાં દિમાગ કહે છે અને એટલે જ વડા પ્રધાને દિમાગી નક્સલ શબ્દ વાપર્યો છે) એવો ભરડો લઈ લીધેલો કે તેઓ તેમના પારિવારિક દાયિત્વથી વિમુખ થઈ ગયા. ડાબેરીઓએ તેમને માતાપિતા, પરિવાર જેવું કંઈ ન હોય, સમાજ માટે કામ કરવું જોઈએ તેમ કહી એટલા ઉશ્કેર્યા કે તેમણે બધું છોડી દીધું. ડાબેરીઓ પોતે કમાય પરંતુ નાટકો-ફિલ્મો-વેબ શ્રેણીઓમાં એવું બતાવે કે પૈસો કમાવો એ પાપ છે. એટલે પીયૂષ મિશ્રને પણ એવું જ સમજાવ્યું. તેમણે કહ્યું, "વામપંથી નામ કી ચીઝ સે મૈં થક ચૂકા હૂ. વામપંથને બહુત બૂરા કિયા હૈ. સચ બોલના ઔર ખરી-ખરી બોલના વામપંથ કી બપૌતી નહીં હૈ. હો સકતા હૈ કિ કિસી કે લિયે ઠીક રહા હો લેકિન વામપંથ ને મેરા બહોત બૂરા કિયા હૈ."

લાલ ભાઈને ટોપ પર રાખતા સૌરભ દ્વિવેદીને ઈન્ટરવ્યૂમાં કહેલું, "કૉમરેડ એવું કહેતા કે મા ગંદી ચીજ હૈ, બાપ ગંદી ચીઝ હૈ, પરિવાર ગંદી ચીઝ હૈ. તારે સમાજ માટે કામ કરવાનું છે. પીયૂષ કહે કે માતાપિતા પણ સમાજનો હિસ્સો છે. તો કૉમરેડ કહેતા કે તે સિવાયના સમાજ માટે કામ કરવાનું છે. કૉમરેડ કહેતા કે પૈસા કમાવા પાપ છે. તે મૂડીપતિ કહેવાય છે. મેં બધાને છોડી દીધું, માતાપિતા, પત્ની બધાને. વીસ વર્ષ પછી ખબર પડી કે મેં મારાં વીસ વર્ષ વેડફી નાખ્યા. મારી શારીરિક અને માનસિક સ્થિતિ ખરાબ થઈ ગઈ."

માત્ર કળાના માધ્યમથી જ નહીં, અમેરિકાની જેમ અત્યારે ભારતમાં પણ શાળાઓ અને કૉલેજો અને કૉચિંગ સેન્ટરમાં શિક્ષકો-પ્રાધ્યાપકો પણ વિદ્યાર્થીઓને દેશ વિરુધ્ધ, સમાજ વિરુધ્ધ અને પરિવાર વિરુધ્ધ કરી દે છે. આપણે અનેક વિડિયો જોઈએ છીએ જેમાં શાળા-કૉલેજના કાર્યક્રમોમાં સ્ટેજ પર કેવો ગંદો ડાન્સ બાળકો પાસે કરાવાય છે. શિક્ષક-શિક્ષિકા બાળકોની સામે બાથરૂમમાં ચાલ્યાં જાય છે તેવો એક કિસ્સો બહાર આવ્યો. વિકાસ દિવ્યકીર્તિ, અવધ ઓઝા અને અભિનવ શર્મા જેવા અનેક દિમાગી નક્સલોએ છેલ્લાં પાંચ-દસ વર્ષમાં જે પેઢી તૈયાર કરી તેનું જ પરિણામ આપણે જંતરમંતર પર જોયું. અભિનય શર્મા જેવા દિમાગી નક્સલો પૈસાનો વિરોધ નથી કરતા. ઉલટું નવી પેઢીને આકર્ષવા પોતાની પાસે કેટલી મોંઘી-મોંઘી કાર છે, કેવાં બ્રાન્ડેડ કપડાં છે તેની વાતો કરે છે. પોતે અભદ્ર ડાન્સ કરે છે. ગાંડા જેવું વર્તન કરે છે.


તાજેતરમાં અમદાવાદમાં 'આનંદ નિકેતન' શાળામાં કેન્ટીનમાં ભોજનમાં કાચનો ટુકડો મળી આવ્યો. તે તો ઠીક, ત્યાં મલાલા યુસૂફઝાઈનું પુસ્તક ભણાવાતું હતું. અને તેના સમર્થનમાં દિમાગી નક્સલોએ વિડિયો બનાવવા લાગ્યા. દિમાગી નક્સલોનો એક વર્ગ આ રીતે લેખન અને વિડિયો દ્વારા તેમના સમર્થનમાં ઉતરી પડે છે. સ્કૉલથી માંડીને ક્વિન્ટ પર કબીર કલા મંચના સમર્થનમાં લેખો જોવા મળશે.

એટલે જ જો તમે માતાપિતા હો તો તમારા બાળકને શાળામાં શું શીખવાડાય છે તે બરાબર જાણો. તેઓ સૉશિયલ મીડિયા પર શું જુએ છે તે જુઓ. દિમાગી નક્સલ તમારા બાળકને એક નક્સલી ન બનાવી દે અને જંતરમંતર પર જેવા લોકો જોવા મળ્યા તેવું તમારું બાળક ન બની જાય તેનું ધ્યાન તમારે રાખવું પડશે. શાળામાં બાળકને દાખલ કરાવી દેવાથી કે મોંઘા કૉચિંગ સેન્ટરમાં તેને મૂકી દેવાથી તમારું દાયિત્વ પૂરું નથી થતું. ■


jaywant.pandya@gmail.com


## અમારા જમાનામાં ટ્યુશન ક્લાસિસ કેમ નહોતા?

હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧)રોટલી ગોળ જ હોવી જોઈએ એવું કોણે નક્કી કર્યું હશે?
દર્શન પટેલ (વડોદરા), બાએ.

(૨)એક એવી વાત છે જે કોઈને કહી પણ ન શકાય અને કહ્યા વિના રહી પણ ન શકાય. તો શું કરવું?
રામભાઈ પટેલ (સુરત)
કોઈ બહેરા માણસને કહી દો.

(૩)પૈસા કમાવા માટે ક્યાં જવાય? અમેરિકા, ઑસ્ટ્રેલિયા કે જર્મની?
રમાબેન પટેલ (અમદાવાદ)
જર્મની જવાય કેમ કે એના નામમાં 'જર' અને 'મની' બે શબ્દો છે અને બન્નેનો અર્થ પૈસા એવો થાય છે.

(૪)અમારા જમાનામાં ટ્યુશન ક્લાસિસ કેમ નહોતા?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
કેમ કે તમે બધા નસીબદાર હતા!

(૫)વારોમાં તમારી નજરે સર્વશ્રેષ્ઠ વાર કયો?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર), વેવાર.

(૬)પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા..આવું કેમ?
જીગર યાદવ (દાત્રાણા-પાટણ)
પાન પીળું જોયું ને તમે ભુલાઈ ગયા ૫ એમ કહી શકાય એટલે.

(૭)પાણીથી પાતળું શું છે?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
મરડો થાય ત્યારે થતા ઝાડા.

(૮)સાહેબ..! જિંદગી અને મોત વચ્ચે કેટલું અંતર હોય છે?
ધોરાજીયા ઘનશ્યામ એન.(સાજણટીંબા)
હાથવેત.

(૯)તમે અંતરમંતર પક્ષની સ્થાપના કરવાના મુડમાં છો ?
ધોરાજીયા ચંદ્રકાંત એન.(સાજણટીંબા)
હું અત્યારે બગાસાં ખાવાના મૂડમાં છું.

(૧૦) તમને ગપ્પાબાજી રમતા આવડે છે?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
અત્યારે આ હું શું કરું છું?!

(૧૧)ના કજરે કી ધાર, ના મોતિયો કા હાર, ના કોઈ કિયા સિંગાર તુમ કિતની સુંદર હો...! પત્નીને આવું કહું તોય મેકઅપ માટે પૈસા માગ્યા કરે છે!
કનુભાઈ પરમાર (દામનગર)
આવા કિસ્સામાં ગીત બદલાવવું સહેલું પડશે!

(૧૨)દિમાગને શુધ્ધ કરવા ક્યૂં કેમિકલ વાપરી શકાય?
બાલુભાઈ કિકાણી (લીલિયા)
રામનામ બ્રાન્ડ કેમિકલ

(૧૩) તમારા વાચકોને શ્રાવણ મહિનામાં તમે ક્યાંય દર્શન કરવા લઈ જવાના છો?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
ભગવાન તો આપણી અંદર બિરાજમાન છે. મારા સૌ વાચકોએ પોતપોતાની ભીતર દર્શન કરી લેવા એવી હું જાહેર અપીલ કરું છું.

(૧૪)લગ્ન વખતે કન્યા પધરાવો પછી સાવધાન કેમ કહે છે?
ચિરાગકુમાર પંચાલ (મધવાસ તા. લુણાવાડા)
કન્યાની રાહ જોઈ ને ફોટોગ્રાફર વિશ્રામની પોઝિશનમાં આવી ગયો હોય છે એને સાવધાન કરવા.

(૧૫)જો કોઈ મિત્ર જ પોતાના મિત્રની સફળતાથી બળતો હોય તો કોઈ ઈલમ કે મલમ કારગત નીવડે ખરો?
પંકજ ચૌહાણ (વીરનગર)
ઈલમ અને મલમની જેમ ફિલમ, ચલમ, મલયાલમ એવા બેચાર શબ્દો શોધી કાઢો તો નવાસવા કવિને ગઝલ લખવામાં ઉપયોગી થાય.

■ **નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

## શબ્દ – બોલાઈ જવાથી લઇ ફૂંકાઈ જવા સુધી.....

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

ફિલ્મ જગતમાં થોડા વર્ષો પહેલા એક ફિલ્મ આવેલી. એ ફિલ્મનું નામ હતું ખલનાયક. સંજયદત્ત મુખ્ય અભિનેતા અને ખલનાયકની ભૂમિકામાં હતા. એ ફિલ્મમાં એક ડાયલોગ હતો જેમાં સંજયદત્ત મોટા અવાજે બોલે છે... "જી હાં... મૈ હું ખલનાયક..." બીજી એક અંગ્રેજી ફિલ્મ આવી હતી, નામ હતું કોબરા... સિલ્વેસ્ટર સ્ટેલન એમાં હીરો હતા અને એક સંવાદ મુજબ હાથમાં ચાકુ લઈને એક ગુંડો હીરોને સંબોધીને ડાયલોગ બોલે છે કે "આઈ એમ હીરો ઓફ ધ ન્યુ વર્લ્ડ .... મતલબ કે હું નવા જમાનાનો હીરો છું..." સામેથી હીરો જવાબ આપે છે કે "યુ આર અ ડીસીઝ એન્ડ આઈ એમ ધ ક્યોર... તું એક બીમારી, રોગ છે અને હું તેનો ઈલાજ છું." આજે ભારતીય રાજનીતિમાં આવું જ કઈક ડાયલોગ્સનું આદાનપ્રદાન થઈ રહ્યું છે. પંદરમી ઓગસ્ટે વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લાની પ્રાચિર પરથી દેશને સંબોધિત કર્યો અને તેમાં એક મુદ્દે દેશનું ધ્યાન દોર્યું કે દેશમાં એક દિમાગી નક્સલ વર્ગ મોકાની તલાશમાં છે, દેશને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યો છે, એમને ઓળખવાની જરૂર છે અને તેનાથી સાવધ રહેવાની જરૂર છે. બીજી બાજુ વિપક્ષ તરફથી ડાયલોગ ગુંજવા લાગ્યા કે, "હું છું દિમાગી નક્સલ."

દેશમાં વર્ષોથી હથિયારી નક્સલ અસ્તિત્વમાં હતો. દેશના વામપંથીઓના સહારે પનપેલા અને પ્રસાર પામેલા આ આંતરિક સુરક્ષા સામેના પડકારે વર્ષો સુધી દેશના એક મોટા ભાગને વિકાસથી અને દેશની મુખ્યધારાથી વંચિત રાખ્યો હતો. નરેન્દ્ર મોદીએ જયારે ૨૦૧૪માં સત્તા સાંભળી ત્યારે દેશમાં ૧૨૬ જીલ્લાઓ નકસલવાદથી પ્રભાવિત હતા. દેશમાં આતંકવાદ કરતા વધુ હત્યાઓ નકસલવાદીઓ દ્વારા કરવામાં આવતી હતી. પરંતુ વર્તમાન સરકાર અને સુરક્ષા દળોના કાબીલેદાદ દ્રઢ સંકલ્પ થકીના જવાબ અને લોખંડી મનોબળથી દેશમાં આજે નકસલવાદ સમાપ્ત થઇ ચુક્યો છે. આ હથિયારી નકસલવાદ હતો. સરકારે બળ અને સમજૂતીના બેવડા હથિયારો થકી આ વર્ગને દેશની મુખ્યધારામાં જોડી દેવામાં મોટી સફળતા મેળવી છે. આજે છતીસગઢ જેવા નકસલ પ્રભાવિત રાજ્યમાં એક સમયે નકસલવાદ સાથે જોડાયેલી યુવતીઓ દેશની હાથશાળની બનાવટના પહેરવેશ પહેરીને ફેશન શોમાં રેમ્પ વોક કરી રહી છે. જે ડીસ્ટ્રીકટ રીઝર્વ ગાર્ડનું ગઠન કરવામાં આવ્યું છે તેમાં ભરતી થયેલા લગભગ ચાલીસ ટકા યુવાનો ભૂતકાળના નક્સલીઓ હતા. આ યુવાનોએ હથિયાર મુકીને દેશ સાથે જોડાઈ જવાનું પસંદ કર્યું છે. નકસલવાદ વર્ષો સુધી નિષ્ફળ રહેલી એક સિસ્ટમના લીધે ઉદભવેલ સમસ્યા હતી, સરકારે એ સીસ્ટમ સુધારી લેતા હવે એ સમસ્યા રહી નથી. સરકારે છેલ્લા ખુબ ટૂંકા ગાળામાં નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં અઢારસો જેટલી બેંક બ્રાંચ, તેરસો જેટલા એટીએમ, છ હજાર જેટલી પોસ્ટ ઓફીસ, એકસો એંસી જેટલી સ્કુલ, પચાસ જેટલા સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટર, અને પંદર હજાર કિલોમીટર જેટલા રસ્તાઓનું નિર્માણ કરીને આ વિસ્તારને દેશની સાથે જોડી દીધો છે.

દિમાગી નક્સલ કોણ છે ? તેની કોઈ વ્યાખ્યા સ્પષ્ટ નથી પરંતુ સામાન્ય રીતે એવું કહી શકાય કે જે લોકો દેશની મુખ્યધારા, દેશના વિકાસ, દેશની પ્રગતિ કે દેશની અસ્મિતા સાથે જોડાયેલ નથી અથવા તો વિરોધી છે, એ દિમાગી નક્સલ છે. ઉપર ચર્ચા કર્યા મુજબ વિકાસ પહોચતા હથિયારી નક્સલ સમાપ્ત થઇ ગયો. પરંતુ દિમાગી નક્સલને તો વિરોધ જ વિકાસ સાથે છે. આ નક્સલો દેશમાં રહીને શરજીલ ઈમામ અને ઉમર ખાલીદ જેવા આતંકીઓનું સમર્થન કરે છે, જે ભારતના ટુકડા કરવાના મનસૂબા સેવતા આજે જેલમાં છે. આ નક્સલીઓ જેએનયુની ટુકડે ટુકડે ગેંગના સદસ્યોને પોતાના પક્ષમાં પ્રવેશ આપીને એમને રાજકીય જમીન આપે છે. આ દિમાગી નક્સલો દેશને સંસદ થકી નહિ પરંતુ સડકો પર હુલ્લડો મચાવીને ચલાવવા માંગે છે. આ દિમાગી નક્સલો કોન્ક્રોચો દ્વારા દિલ્હીમાં મચાવવામાં આવેલા ઉત્પાતને વાજબી ઠેરવે છે. દેશની સેના અને સુરક્ષા દળોએ દુશ્મનો સામે દાખવેલા શૌર્ય અને અભૂતપૂર્વ પરાક્રમોના સબૂત માંગતા ફરતા નેતાઓ દિમાગી નક્સલ છે. દેશના વિકાસ માટેની કોઈ યોજનાનો વિદેશી ફંડિંગ મેળવીને વિરોધ કરે છે. ભારત એક રાષ્ટ્ર નથી પરંતુ રાજ્યોના જોડાણથી બનેલ એક સમૂહ છે એવું બોલનાર અને માનનાર નેતા દિમાગી નક્સલ છે. જે દેશના રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનનો વિરોધ કરે છે એને તેના સન્માનમાં ઉભો નથી થતો એ દિમાગી નક્સલ છે. જે જાહેર મંચ પર બીજા દેશની લોકતાંત્રિક ઢબે ચૂંટાયેલી સર્વોચ્ચ મહિલા માટે ભદ્દી ટીપ્પણી કરે છે, અને આશ્ચર્ય એ છે કે જયારે એમની દિવંગત માતા પણ એક રાજ્યના પ્રમુખ પદ પર રહી ચુક્યા હોય, એ દિમાગી નક્સલ છે. જે જંતર મંતર પર આંદોલનના નામે એકઠા થઈને વડાપ્રધાનને માં સમાણી ગાળો બોલે છે એ દિમાગી નક્સલ છે. આ તો માત્ર તાજેતરમાં ખુલ્લા પડેલા દિમાગી નક્સલ છે.

દિમાગી નક્સલોને શોધવા દૂર જવું પડે તેમ નથી. ખોરાક ફેંકતા પાણીની સપાટી પર જેમ માછલીઓનું ઝુંડ ઉભરાઈ જાય છે, તેમ લાલ કિલ્લાની પ્રાચિર પરથી એક શબ્દ વહેતો કરવા માત્રથી આખા દેશમાં રહેલા દિમાગી નક્સલો છટપટી ઉઠ્યા છે. દેશનું એથી મોટું દુર્ભાગ્ય ન હોઈ શકે કે એક વખતના દેશના ગૃહમંત્રી રહી ચૂકેલ વ્યક્તિ, કે જેના પર નકસલવાદને ખતમ કરવાની જવાબદારી હતી એ આજે એવું નિવેદન આપે કે હાં, હું દિમાગી નક્સલ છું, આપણે માત્ર આજે વિચાર કરી શકીએ કે એમના ગૃહમંત્રી તરીકેના કાર્યકાળમાં શું શું થયું હશે.

ક્વિક નોટ – દુઃશાસકો, સુશાસકો, પર્શીયાનો દરિયાવુશ, યુનાનનો ઈસ્કંદર. કુશાણોનો કેડ્ફીસસ, બેક્ટ્રીયનોનો મિનેન્દર, શકોનો નહ્પાણ, હુણોના તોરમાણ, મીહીરગુલ. અરબોનો ઈબ્ન કાસીમ, ગઝનવીઓનો મહમદ, ગુલામ, ખીલજી, તુઘલિક, તુર્ક, તાતાર, મોંગોલની પેઢીઓ આ હિન્દુસ્તાનની ધરતીની નીચે દફન થઈને સુઈ ગઈ છે અને એમની ઉપર દર વર્ષે ઘઉં અને બાજરાના ખેતરો લેહરાય છે. – ચંદ્રકાંત બક્ષી. ■


production@infiniumpharmachem.com

# એક સ્ત્રીની મુલાકાત - ૨




(ગતાંક થી આગળ)

જે..કે. પલંગ પર બેઠો. પેલી સફેદ-બ્લ્યૂ કલરનું આછું રેશમીજે ગાઉન પહેરીને આવી. જે.કે. માટે લૂંગી અને ટી-શર્ટ લાવી.

'આ કપડાં ?'

'હું પાંચ-સાત જોડી રાખું છું. અલબત્ત, આ ધોયેલાં છે અને સ્વચ્છ છે તમે પહેરી લો. ભીંજાયા છો. તબિયત બગડશે, સાચું કહું છું.'

'લો, તમને આદુવાળી ચા બનાવી દઉં. એ વધારે ફાવે છે ને ?'

કાજલે કોઈ દિવસ આવું કહ્યું નથી. જે.કે. વિચારી રહ્યો અને આ સ્ત્રીની લાગણી ? પણ ના, જે.કે. ચેત્યો. આ સાલી પહેલાં મીઠું મીઠું બોલીને અને પછી ફસાવશે. હું ભાગી નીકળું છું. હું અહીં ક્યાં ફસાઈ ગયો ? વિચારતો જ જે.કે.ઊભો થઈને બહાર નીકળવા ગયો કે પેલી સાણસી લઈને પાછળના રૂમમાંથી સોંસરી આડી પડી.

'તમે ફસાયા નથી. હું તમને ફસાવીશ નહીં. તમે ચિંતા નહીં કરતા. તમે ધારો છો એવી સ્ત્રી હું નથી.'

જે.કે. પાછો ફરી ગયો. બેસી પડયો. પેલી સ્ત્રી ચા લાવી. એક જ કિટલીમાંથી બે કપ ભર્યા. હસીને ટહુકી, 'તમને શંકા ન આવે કે ચામાં કશુંય નાખી તો નહીં દીધું હોય ને? એટલે હું ય ચા પીઉં છું.'

જે.કે. એ ઘૂંટ ભર્યો. ચા મસ્ત હતી. એ આખો કપ ગટગટાવી ગયો. 'મજા આવીને?' પેલીએ કપ-રકાબી એકઠાં કર્યાં. 'હવે તમારે નાહવું હોય તો નાહી લો અને હું ગરમ નાસ્તો બનાવું.'

'કશું નહીં. હું તમને હેરાન કરી રહ્યો છું.'

'ડોન્ટ વરી. આપણે પછી કૈંક હળવું લઈએ અથવા તો પછી કૈંક...' 'નો મૅડમ. ચા પીધી. મજા આવી ગઈ. હવે થાક લાગ્યો છે માટે...'

'એ વ્યવસ્થા કરી આપું છું... ચાલો.' અને એ ઊભી થઈ. અંદરના રૂમમાં આવતા રહો.'

જે.કે. ને લાગ્યું કે આખું બ્રહ્માંડ ઘૂમે છે કે પછી મારા ઉપરથી મારો જ કંટ્રોલ જતો રહ્યો છે ! કેમ કે, એ અવશપણે પાછળ દોરવાઈ રહ્યો. બીજો એક રૂમ હતો. એક રજવાડી પલંગ, ડેકોરેટેડ દીવાલો. મનમોહક હિરોઈનોના પોઝ... સુંદર વોલપીસ. પરફ્યુમની સુગંધથી મહેકતો રૂમ... ફ્લાવર પોટ... રેશમી રજાઈ... મખમલી ઓછાડ. રેશમી તકિયા... મણ એક રૂની પોચી પથારી... એણે બે જ મિનિટમાં બધું ઝાપટી આપ્યું. જે.કે. તેની ઉપર લાંબો થયો. અચાનક આંખો ઘેરાવા લાગી અને તે સૂઈ ગયો. કેટલું ઊંઘ્યો એને ખબર ન રહી પણ કપાળે ફરી રહેલા કોઈના હાથના સ્પર્શથી તે અચાનક જાગી ગયો.

'ઓહ... હું કેટલું સૂતો ! કેટલા વાગ્યા?' એ અડધો ઊભો થઈ ગયો. 'પ્લીઝ, સૂઈ રહો...' તેણે જ ઓઢાડેલી ચાદર સરખી કરતા તે ટહુકી. તેના વાળ ધોયેલા હતા અને તે ઉરપ્રદેશની આસપાસ ફેલાયેલા હતા. તેના પુષ્ટ ઉરનો ઉભાર રેશમી ગાઉનની બહાર ધસી આવતો હતો. તેણે હસીને કહ્યું, 'કેટલા વાગ્યા, તેની કશી ચિંતા કરતા નહીં. માથું ગરમ થઈ ગયું હતું. સહેજ તાવ જેવું પણ છે. હું વિક્સ લગાવી રહી હતી. ચાલો, સૂઈ જાવ.' અને તેના મીઠા સ્પર્શે શરીરમાં ઝણઝણાટી પ્રસરી ગઈ.

લઘુનવલકથા



યોગેશ પંડયા

આવું જ સુખ અજાણ્યું પણ મનગમતું એક વાર માણવા મળેલું. મોટી પુત્રી સુનયનાના જન્મ વખતે પોતાની સાળી પાયલ, કાજલની ડિલિવરી વખતે આવેલી... ! અને પછી તો રહેતાં રહેતાં પાયલ સાથે ફાવી ગયું. હળવા વાતાવરણ વચ્ચે તે પાયલના ગુલાબી ગાલ ખેંચતો. તેની માંસલ પીઠ પર ધબ્બો મારતો. વાળની ચોટી ખેંચતો. કાને ચૂંટી ખણતો. એવી જ એક સાંજે, પાયલને આશ્લેષમાં લઈ લીધી. પાયલે હળવેથી તેનો આશ્લેષ છોડાવીને કહ્યું, 'મને ખબર છે જયકુમાર કે તમે મને ચાહો છો અને હું પણ તમને ચાહું છું પણ વચ્ચે મારી દીદી દીવાલ બની ઊભી છે એ ખબર છે ?'

'તો શું થયું? આપણે એકબીજાની પ્યાસને છીપાવી ન શકીએ ?' અને એક દિવસ એવી જ રાત્રિએ પાયલ, જે.કે.ના ઝૂલ્ફામાં હાથ ફેરવતી હતી અને જે.કે.એ બેઠા થઈને પાયલને બાહુપાશમાં બાંધી દીધી. પાયલ હસી પડી અને એ ક્ષણે પાયલ જે.કે.નું કપાળ ચૂમવા ઝૂકી કે ત્યાં જ કાજલ આવી ચડી. પાયલે એ જ ક્ષણે મુખવટો બદલ્યો. 'આ શું કરો છો જયકુમાર ? માથું દબાવવાના બહાને મારી ઉપર બળજબરી કરવા માંડયા? ઓહ શીટ... શરમ આવવી જોઈએ તમને ?' અને અત્યારે એ ઘટના યાદ આવતાં જ જે.કે. બબડી ઉઠ્યો. 'સાલ્લી બધી જ સ્ત્રીઓ નફ્ફટ, સ્વાર્થી, લુચ્ચી, ઢોંગી અને બેશર્મ હોય છે. જ્યારે કામ પડે ત્યારે પૂંછડી પટપટાવતી આવે.'

'અરે...' પેલી સ્ત્રીએ સ્મિત કરીને તેને કહ્યું, 'આમાં મારો કોઈ સ્વાર્થ નથી હોં કે...' જે.કે. વર્તમાનમાં ખેંચાઈ આવ્યો: 'શું કહ્યું?'

'બસ એ જ, તમારા પ્રશ્નનો જવાબ.' પેલી હસી.

પાયલના બનાવ પછી જે.કે. ગંભીર બની ગયો પરંતુ એ દરમિયાન ઘરે કામ કરવા આવતી પાર્વતીને એકવાર જે.કે. એ અડપલું કરી લીધું. પાર્વતી ખિજાઈ. પછી તો એવો ફજેતો થયો ને કે, ઘરમાં આગ લાગી ગઈ એ અત્યાર સુધી બુઝાઈ નથી !!

'પ્રૉબ્લેમ શું થયો હતો?' અચાનક પેલી સ્ત્રીએ પૂછ્યું અને જે.કે. ભીતરથી ખેંચાઈ આવ્યો: 'અરે, આ તો જાદુગરણી લાગે છે!'

જે.કે. મૌન થઈ ગયો. પેલીએ તેની આંખમાં કશુંક વાંચી લીધું અને સ્મિત કરી રહી. 'તમને પૂછું છું. અહીં બીજું કોઈ નથી.' તેણે ફરીવાર પૂછ્યું. જવાબમાં જે.કે. છોભીલો પડી ગયો: 'ખાસ... ખાસ... કશું નહીં બસ એમ જ... એને કાંઈ મારી પડી જ નથી. છોકરાવની માથાકૂટ, પડોશીનો કકળાટ, અને સગાવહાલાની કૂથલી..!. અડધી કલાકેય મારી પાસે નિરાંતે બેસવાનો ટાઈમ નથી. આ આદમીની જાત... ક્યારેક પ્રેમ-બ્રેમ તો માગે ને ? પણ બૈરી જ એવી નસીબે ભટકાણી હોય ત્યાં મારા જેવો આખરે કરે શું? આપઘાત જ ને !'

'હા, એ ખરું પણ...' પેલીએ શર્ટનાં બટન ખોલતાં કહ્યું, 'દરેક નિમિત્તને એક મુહૂર્ત હોય છે. દરેક સંબંધનું એક અંજળ હોય છે. દરેક ક્ષણનો એક ઈતિહાસ હોય છે. તમે મુહૂર્ત, અંજળ કે ઈતિહાસને તોડવા મંરોડવા ચાહતા હો તો... પછી એ શક્ય કઈ રીતે બને? મુહૂર્ત, અંજળ અને ઈતિહાસ ત્યારે જ લખાય છે જ્યારે તેનો કોઈ શુભ સમય આવે છે. પણ તમે સમયની રાહ ન જોઈ શકતા હો...' પેલી સ્ત્રી મંદ મંદ સ્મિત કરી રહી.

હાથ જે રીતે ફરતા હતા તેનાથી ગુદગુદી થઈ રહી હતી. લાગણીઓનો સ્પર્શ જે.કે.ના ભીતરને હવે ઉલેચતો હતો. પેલીએ વિક્સ લીધું છાતી ઉપર હળવી ભીંસ સાથે ઘસ્યું અને અચાનક જે. કે. નો હાથ તેની પીઠ ઉપર જઈ ચડયો. જે.કે.ની હથેળીની ભીંસથી તે હસી. જે.કે. બેઠો થઈ ગયો. હવે તે પાછી હટી ગઈ. જે.કે. વિવશ થઈ ગયો. 'હું તમનેપ' અને તેણે પેલી સ્ત્રીને ખેંચી. 'રહેવા દો...' પેલીએ તેના હાથના બંધને છોડાવ્યો. 'હું તમને ગ્રાહક સમજીને નથી લાવી પણ તમારું તૂટતું ઘર બચાવવા માટે મેં આજની કમાણી ખોઈ છે. નહીંતર આજે ત્રણ બાળકો નોંધારાં થઈ જાત.' અને તેણે હાથ છોડાવી નાખ્યો. 'તમને મૂળ પ્રૉબ્લેમ શું હતો, એ હું જાણી શકી છું. પણ તમને જે વહાલની જરૂર હતી એ મેં આપ્યું છે. જે વસ્તુ જોઈએ છે તે પત્ની આપશે. પણ હવે તું ઘરને તોડવાની અને જાતને છોડવાની કોશિશ નહીં કરતો. તું છૂટી જઈશ પણ બાળકો ? જયારે જીવનમાં કશુંક ખૂટતું લાગે ત્યારે તું મારી પાસે બેધડક ચાલ્યો આવજે. જયલુ.....'

અને જે.કે. ચમક્યો: 'તો તું? આઈમીન... મેઘા? તું અને રૂપજીવિની? ઓહ નો...'

હા, મેં કરમ બદલ્યું છે જયલુ ! કાળજું નથી બદલ્યું...'!!! ■

## સ્મશાનેથી પરત આવ્યા પછી હવે દામોને આ કમળાપુરનું વિશાળ ઘર હવે સ્મશાન જેવું લાગતું હતું



## રાખનાં રમકડાં

સ્મશાનેથી પરત આવ્યા પછી હવે દામોને આ કમળાપુરનું વિશાળ ઘર હવે સ્મશાન જેવું લાગતું હતું. પરંતુ મૃત્યુ પામનાર સ્વજન વ્યક્તિ પાછળ જે વિધિ, જે શાસ્ત્રોક્ત વિધિ કરવાની હોય તે તો પૂરી કરવી જ પડે. એ ન્યાયે બે દિવસ પછી સુવાલીની ક્રિયા પૂરી થઈ. આમ દિવસો વીતતા ચાલ્યા. અગિયારમા દિવસે મૃતાત્માને પિંડદાન અર્પણ કરી, શ્રાદ્ધ કરવામાં આવ્યું. સગાં-વહાલા અને બ્રાહ્મણોને ભાવતું ભોજન કરાવ્યું. પછી વળી બારમા દિવસે ઘરે પિતૃઓને પિંડદાન વગેરેથી શ્રાદ્ધ કરવામાં આવ્યું.

છેલ્લે... કપડાં, છત્રી, સોય, પાનપેટી, ધાંગળી, પગરખાં, ખાટલો, ગાદલું, ગોદડું, ઓશીકું, ચાદર, વાસણો અને ઘરેણું,... એવું બધું બ્રાહ્મણને દાન કરવામાં આવ્યું. આ ઉપરાંત કહેવાતા ડાહ્યાને સારી એવી લહાણી પણ કરવામાં આવી.

આમ રીતે પોતાના વતન કમળાપુરમાં એકધારા તેરથી પંદર દિવસ શાંતુ અને દામો રહ્યાં. રહેવું જ પડે, દામો સમજણનો કળયાગો દીકરો હતો. અને દીકરા તરીકેની બધા જ ફરજ દામોએ મનમૂકીને પૂરી પણ કરી હતી.

સમય ચાલ્યા જ કરે છે. સમય જતાં બધા સારા કે નરસા પ્રસંગો થોડા ઝાંખા તો પડે જ. દુઃખનું ઓસડ દહાડા એ ન્યાયે દુઃખ ઓછું થતું જાય છે. આ બધા જ લીલા કુદરતની છે, તેનો ન્યાય છે. અને આવું થાય તો જ માણસ જીવી શકે છે.



ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

આમ બા પાછળ કરવી પડતી બધા જ ધાર્મિક ક્રિયાઓ કમળાપુરમાં જે હવે પૂર્ણ થઈ ગઈ હતી. એટલે પછી સરપંચ, વડીલોનો, મિત્રો અને પડોશીઓનો ખૂબ ખૂબ અંતરપૂર્વક આભાર માની, પગે લાગી, હાથ જોડીને પછી શાંતુ તથા દામો આણંદવેલી જવા માટે નીકળ્યાં. કમળાપુરની ધરતીને પણ વંદન કરતાં દામો મનોમન એટલું બોલ્યો : બા..., તમે જ્યાં હો ત્યાંથી આ તમારા દામોને આશીર્વાદ આપતાં રહેજો... આમ અવેલી પહોંચીને ઘરમાં પ્રવેશતાંની સાથે વળી દામલ સાવ પડી ભાંગ્યો. એકદમ ખુલ્લા દિલે, મન મૂકીને તે ખૂબ ખૂબ રડ્યો, રડી જ લીધું. ને દામલનું આવું રુદન જોઈ શાંતુ પણ રડી પડી હતી. અંતે રડમસ અવાજે શાંતુ બોલીઃ

"બા... માત્ર તારા એકલાના જ બા ન હતા. મારા પણ તેઓ સગાં બા હતાં. હવે જો, તેમની પાછળ કરવી પડતી તમામ ધાર્મિક વિધિ આપણે સાચા દિલથી પૂરી કરી છે. ને સાચા દિલથી કરેલું પૂણ્યનું કામ ભગવાન સ્વીકારે જ છે. માટે હવે ભગવાન ભોળાનાથનું નામ લઈ આપણે આપણી બા...ના આત્માને શાંતિ થાય તેવું કર્તવ્ય હંમેશા કરતાં રહેવાનું છે. માટે આપણે હવે કંઈક વિચાર કરવો જોઈએ. આવું કંઈક પૂણ્ય કર્મ થશે, આપણા હાથે આવા કર્મો થશે તો જ બાના આત્માને જરૂર શાંતિ થશે. અને બાના આશીર્વાદ પણ આપણને મળશે જ..."

આંખોમાંથી નીકળતાં આંસુને દુપટ્ટાથી લૂંછતાં લૂંછતાં દામલ બોલ્યો: "તારી વાત ખૂબ જ સાચી છે, શાંતુ...! પરંતુ ઘડીએ ઘડીએ બાનો હસતો રહેતો ચહેરો મારી આંખો સામે આવે છે તેનું હું શું કરૂં?"

"બા તો બા હતાં, સહનશીલતાની જીવંત મૂર્તિ...! તેઓ એવા હતા કે, સપનામાં પણ તેમણે કદી કોઈપણ વ્યક્તિનું ખરાબ વિચાર્યું જ ન હતું. એટલે તો તેમણે તેમનું પોતાનું મોત પણ દેવું સુધારી લીધું...! સાવ સાજા-નરવા, નખમાં પણ રોગ નહીં ને એક રૂપિયાની દવા પણ નહીં. હાલતાં-ચાલતાં, હસતાં હસતાં આપણને કોઈપણ જાતનો સંકેત કર્યા વગર, કોઈને કડ્યા વગર બસ... એમ જ ચાલ્યા ગયાં. વહુ કે દીકરાની રતિભાર સેવા ચાકરી કરાવ્યા વગર સીધા જ સ્વર્ગે સીધાવ્યાં..." શાંતુએ ગળગળા થઈ વાત કરી.

"બા... અતિશુધ્ધ પવિત્ર હતાં એટલે તેમનું મૃત્યુ પણ શાંત અને જરાપણ યાતના વગરનું રહ્યું. ખોળિયું છોડ્યા પછી પણ તેના વદન પર તો એવું સ્મિત જ રમત રમતું હતું... એ તો મેં નજરે જોયું હતું." દામલ બોલ્યો.

થોડીવાર આવી બધી વાતો થતી રહી. દામલ અને શાંતુ આમ તો શાંતિથી બેઠાં હતાં, ત્યાં તો દામલને કંઈક યાદ આવતાં તેણે શાંતુને કહ્યું: "તું જરા જો તો ખરી, મહેશના રૂમમાં આંટો તો માર... તે છે કે નહીં...?! કે પછી..."

દામલના કહેવાથી શાંતુ તરત જ ઊભી થઈ અને મહેશના રૂમ તરફ ચાલી. ત્યાં જઈને જોયું તો રૂમનું બારણું બંધ હતું. ધક્કો મારતાં જ બારણું ખૂલી ગયું. જોયું તો રૂમમાં કોઈ હતું નહીં એટલે ફરી બારણું ઢાંકું વાસી તે પાછી ફરી ને દામલ પાસે બેસતાં બોલી: "એ રૂમમાં કોઈ નથી, ઓફિસે જ હશે. હવે થોડીવારમાં તો તે પણ આવવો જ જોઈએ..."

(ક્રમશઃ) ■

# શિવ અને પાર્વતીના પ્રસન્ન દામ્પત્યનું રહસ્ય શું છે ?



સપ્તરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

શિવના સાક્ષાત્કારની સૌથી મહત્વની મજા એ છે કે શિવ શાંતરસની મૂર્તિ છે. શાંત રસે જાણે કે સાક્ષાત દેહ ધારણ કર્યો હોય એવા શિવના દર્શન છે. મહાકવિ કાલિદાસે કુમાર સંભવમ્ મહાકાવ્યમાં દેવાધિદેવનું એ વર્ણન કરેલું છે. સમગ્ર ભારતવર્ષ પર ભગવાન ભોળાનાથની નજર છે. કૈલાસ પર્વત પર શિવ અને પાર્વતી અખંડ હરિ કથા અને સત્સંગ કરે છે. શિવ-પાર્વતીના દાંપત્યની આધારશીલા અધ્યાત્મ છે, જે દંપતીના ગૃહસ્થ જીવનના કેન્દ્રમાં ધર્મતત્ત્વ હોય એ આખો પરિવાર આ જગતમાં નિરંતર પૂજાય છે. પાર્વતી હિમાલયનાં પુત્રી છે અને પરમતત્ત્વની ઉપાસનામાં એમનો આત્મા સદાય પરોવાયેલો રહે છે. શિવ કહે છે કે હે પાર્વતી, પરમતત્ત્વનું સ્મરણ એ જ સંસારમાં અવિચલ એકમાત્ર તત્વ છે, બાકી બધાનો વિનાશ નિશ્ચિત છે. ઉમા અનુભવ મૈં કહુ અપના, સત હરિ ભજન, જગત સબ સપના....!

જે દેખાય છે સામે એ બધું જ છે તો ખરું, પરંતુ કાળની કેડીએ બધું જ વિચલિત છે. એ સતત પરિવર્તનશીલ છે. દેખાય નહીં એ રીતે સમય એટલે કે કાળદેવતા બધું જ ગળી જાય છે. શિવ કહે છે કે હે પર્વતાધિરાજ હિમાલયનાં પુત્રી, હું આપને ખરું સત્ય બતાવું છું કે આ જગતમાં જે કંઈ દેખાય છે તે માત્ર સ્વપ્ન છે. સત્ય તો એકમાત્ર પરમતત્ત્વની આરાધના છે.

સમગ્ર ભારત વર્ષમાં શિવની ઉપાસનાનો મહિમા છે. શ્રાવણ મહિનાના ત્રીસ દિવસ સળંગ દિનરાત શિવ પૂજન માટે ભારતીય ઋષિઓએ ફાળવેલા છે. આપણા પંચાંગમાં શ્રાવણ મહિનો શિવ ઉપાસનાનો સમય છે. ચાતુર્માસના બીજા ચરણમાં શ્રાવણ આવે છે. શ્રાવણમાં આકાશ ઝરમર વરસતું રહે છે. શિવલિંગ પર આપણે જે રીતે અભિષેક કરીએ છીએ એવી રીતે મેઘ આ મહિનામાં કંકર એટલા શંકર માનીને જળનો પૃથ્વી પર અભિષેક કરે છે. રાજાઓનો રાજા મેઘરાજા છે. મેઘરાજા શિવનો પરમ ઉપાસક છે. શ્રાવણ મહિનામાં પૃથ્વી પરના સર્વ પાષાણમાં એને શિવ તત્ત્વનો અનુભવ થાય છે. એટલે ઝરમર મેઘ વરસતો રહે છે.

ભારતીય પ્રજા માટે હજારો વર્ષોથી શિવ પરિવાર પૂજાય છે. કારણ કે ભારતીય ગૃહસ્થ અને વૈરાગી એમ બંને જીવનનો આધાર તથા આદર્શ શિવ પંચાયતન છે. શાસ્ત્રોમાં વર્ણન છે કે જ્યાં સુધી જીવ, શિવ સન્મુખ ન હોય ત્યાં સુધી એને લોભ, મોહ, માયા, અભિમાન, શોક, ધન અને ક્લેશ સતાવે છે. એકવાર જીવ જો શિવની સન્મુખ આવે તો પછી એના ચિત્તમાં પ્રસન્નતા અને નિત્ય આનંદનો વાસ થાય છે.

ભગવાન શિવ અને કુબેરની દોસ્તી જુગ જુની છે. કુબેર દેવોના ખજાનચી છે અને ભગવાન ભોળાનાથના કૈલાસના પાડોશી છે. શિવની બાજુમાં જ કુબેર રહે છે. કુબેર પરમ શિવભક્ત છે. શિવભક્તિને કારણે દેવોએ પણ એની પાસેથી ભંડાર લેવો પડે છે. હિમાલયમાં બે દેવતાઓ ગણાય છે તેમાં એક ભોલે ભંડારી અને બીજા કુબેર ભંડારી. જે લોકો ભગવાન ભોળાનાથની ઉપાસના શરૂ કરે છે અને અંતઃકરણથી હિમાલય તરફ પ્રયાણ કરે છે એટલે કે જે ભક્તોનું મન ઉત્તર દિશામાં કૈલાસના ગિરિશિખરે બિરાજતા દેવોના દેવ મહાદેવ તરફ યાત્રા શરૂ કરે છે એના તરફ સ્વાભાવિક રીતે શિવની નજર પડે છે. જેવી નજર પડે કે તરત જ ભોળાનાથ પોતાના તરફ આવતા ભક્તોને રોકવા માટે અને કસોટી કરવા માટે કુબેરને જાણ કરે છે અને કુબેર પોતાના ખજાનામાંથી સુખની એક લહેર એ ભક્તો તરફ વહેતી કરે છે. મોટાભાગના ભક્તો તો કુબેરનો પ્રસાદ પામીને જ શિવ તરફની યાત્રા અટકાવી દે છે અને કુબેરના પ્રસાદમાં આખી જિંદગી અટવાયેલા રહે છે ખરો ભક્ત એ છે જેને ખબર છે કે શિવના ચરણ સિવાય પરમ શાંતિ આ સંસારમાં કોઈ પણ ભૌતિક સુખ આપી શકે તેમ નથી. શાસ્ત્રમાં વારંવાર સ્પષ્ટતા કરી છે કે બ્રહ્મા આપણું સર્જન કરે છે, વિષ્ણુ લાલનપાલન કરે છે અને છેવટે આ જીવ શિવના શરણમાં સમાઈ જાય છે. અંતવેળાએ સર્વ કાળદેવતાઓના સ્વામી અને મહાકાળ એવા મહાકાલેશ્વરના શરણે જવા માટેની આપણી યોગ્યતા આપણે આયુષ્ય દરમિયાન તબક્કાવાર કેળવતા રહેવાની છે. કલિયુગનો પ્રભાવ બહુ છે એટલે આસન સિધ્ધ કરીને તપશ્ચર્યા કરવાનું કામ આ યુગમાં સંભવ નથી ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# સોહરાબુદ્દીન શેખ કેસમાં નવો વળાંક, હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર

નવી દિલ્હી, તા. ૨૨



૨૦૦૫ના સોહરાબુદ્દીન શેખ કથિત નકલી એન્કાઉન્ટર કેસમાં નવો વળાંક આવ્યો છે. ૨૧ પોલીસકર્મીઓ સહિત ૨૨ આરોપીઓને નિર્દોષ જાહેર કરવાના બોમ્બે હાઈકોર્ટના ૭ મેના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. સોહરાબુદ્દીનના નાના ભાઈ નયાબુદ્દીન શેખે આ અંગે અરજી કરી છે.હાઈકોર્ટે જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો હતો અને ટ્રાયલ કોર્ટના નિર્દોષ છૂટવાના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનો કોઈ આધાર નથી. કોર્ટના મતે ફરિયાદ પક્ષનો કેસ પરિસ્થિતિજન્ય પુરાવા પર આધારિત હતો અને ઘટનાઓની સંપૂર્ણ કડી સાબિત થઈ શકી નહોતી.નવેમ્બર ૨૦૦૫માં ગુજરાત પોલીસે સોહરાબુદ્દીનની કથિત નકલી એન્કાઉન્ટરમાં હત્યા કરી હતી. ત્યારબાદ તેની પત્ની કૌસર બી અને સહયોગી તુલસીરામ પ્રજાપતિનાં પણ મોત થયા હતા. સુપ્રીમ કોર્ટે બાદમાં તપાસ સીબીઆઈને સોંપી હતી અને કેસની સુનાવણી મુંબઈ ખસેડવામાં આવી હતી.

# અમદાવાદમાં નકલી દવાઓનું મોટું કૌભાંડ ઝડપાયુ, ૩૦થી વધુ મેડિકલ સ્ટોર્સ અને પેઢીઓમાં તપાસ

અમદાવાદ, તા. ૨૨



ગુજરાતના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા નકલી, ડુપ્લિકેટ અને ગેરકાયદેસર દવાઓના વેચાણ સામે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મળેલી બાતમીના આધારે ૧૯ ઓગસ્ટથી અમદાવાદ સહિત વિવિધ સ્થળોએ તપાસ શરૂ કરવામાં આવી હતી. છેલ્લા ત્રણ દિવસમાં ૩૦થી વધુ મેડિકલ સ્ટોર્સ અને પેઢીઓમાં તપાસ હાથ ધરાઈ છે. નડિયાદના કિશન મેડિકલ સ્ટોરમાંથી શંકાસ્પદ દવાના ૬૬૦ ટેબ્લેટ જપ્ત કરી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. જ્યારે પાલડીની પાર્શ્વ મેડિકલ એજન્સી મારફતે ભાવનગરની રોટરી ટીમ્બી મેડિકલ સ્ટોર્સને સપ્લાય કરાયેલા ૫૯૦ ટેબ્લેટ પણ જપ્ત કરાયા છે. વિવિધ સ્થળોએથી આશરે રૂ. ૧.૭૦ લાખની કિંમતનો શંકાસ્પદ દવાનો જથ્થો પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં લખનઉથી અમદાવાદ અને ત્યારબાદ અન્ય સ્થળો સુધીની સપ્લાય ચેન સામે આવી છે. અમદાવાદ, સુરત અને ભુજ સહિતના વિસ્તારોમાં તપાસ ચાલુ છે. તંત્ર દ્વારા ખરીદ-વેચાણની વિગતો ચકાસી તપાસનો વ્યાપ ઉત્પાદક સુધી લઈ જવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# ઉનાના ખારાના દારૂ કેસમાં પંચ રહેનાર યુવકનું સારવાર બાદ મોત

ઉના,તા.૨૨



ઉનાના ખારા વિસ્તારમાં દારૂના કેસમાં પંચ તરીકે હાજર રહેવાની અદાવતે મુકેશભાઈ જીતુભાઈ વાઘેલા પર લોખંડના પાઈપ અને છરી વડે જીવલેણ હુમલો થયો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને પ્રથમ ઉના અને બાદમાં ભાવનગર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. ૧૭ દિવસની સારવાર બાદ તેમનું મોત નીપજતાં પોલીસે હત્યાના પ્રયાસના ગુનામાં હત્યાની કલમનો ઉમેરો કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# માત્ર 'ન્યાય-નોમિક્સ' જ અર્થતંત્રમાં વૃધ્ધિને વેગ આપશે : CJI સૂર્યકાન્ત

નવી દિલ્હી, તા. ૨૨



નવી દિલ્હીમાં યોજાયેલા ૧૧મા બ્રિકસ કાનૂની મંચને સંબોધતા ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે કોઈ પણ દેશનો આર્થિક વિકાસ માત્ર ભૌગોલિક પરિસ્થિતિ કે કુદરતી સંસાધનો પર આધારિત રહી શકતો નથી. ટકાઉ આર્થિક વિકાસ માટે 'ન્યાય-નોમિક્સ' એટલે કે ન્યાયના અર્થશાસ્ત્રની જરૂર છે.સીજેઆઈ સૂર્યકાંતે જણાવ્યું કે કાનૂની સંસ્થાઓ વિકાસની આસપાસ ઊભું કરવામાં આવેલું માત્ર માળખું નથી, પરંતુ વિકાસનો પાયો અને તેનું સ્થાપત્ય છે. આ પાયો નબળો પડે તો ઉભરતી અર્થવ્યવસ્થા કોઈપણ મોટા સંકટ સામે ટકી શકતી નથી. તેમણે કહ્યું કે અદાલતો જ્યારે ન્યાયી અને સુસંગત ચુકાદા આપે છે ત્યારે લોકોનો ન્યાયપ્રણાલી પ્રત્યેનો વિશ્વાસ વધે છે. પરિણામે વ્યવસાયિક વ્યવહારોનો ખર્ચ ઘટે છે અને બજારમાં સૌ માટે સમાન તકો ઊભી થાય છે, જે વેપાર અને અર્થતંત્રને ગતિ આપે છે.મુખ્ય ન્યાયાધીશે વધુમાં કહ્યું કે બ્રિકસ દેશોની પ્રગતિ માત્ર કુદરતી સંસાધનોના બળ પર થઈ નથી. તેમના વિકાસમાં કરારો અને વચનોના મજબૂત કાયદાકીય અમલીકરણની મહત્વપૂર્ણ ભૂમિકા છે. તેમણે 'ન્યાય સેતુ'ની સંકલ્પના રજૂ કરતાં કહ્યું કે તે વિવિધ દેશોની કાનૂની પરંપરાઓને જોડતો પુલ છે.

# કોડીનારના વિરાટનગરમાં અર્બન હેલ્થ સેન્ટરનો શુભારંભ

કોડીનાર,તા.૨૨



કોડીનારના ધારાસભ્ય તથા ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના જન્મદિવસ નિમિત્તે કોડીનાર શહેરને આરોગ્ય ક્ષેત્રે વધુ એક ભેટ મળી છે. વિરાટનગર ખાતે અર્બન હેલ્થ સેન્ટર (UPHC)નો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કોડીનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શારદાબેન બાંભણીયા સહિત આગેવાનો, આરોગ્ય અધિકારીઓ, તબીબો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કેન્દ્રથી શહેરના લોકોને વધુ સુલભ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ મળશે.

# સુરતમાં ગિની- ભારત બિઝનેસ મીટમાં વેપાર અને રોકાણની નવી તકો અંગે માર્ગદર્શન અપાયું

સુરત,તા.૨૨



સુરત ખાતે કોર્ટયાર્ડ બાય મેરિયટ હોટેલમાં ભારત અને ગિની વચ્ચેના વેપાર તથા ઔદ્યોગિક સંબંધોને મજબૂત બનાવવા બિઝનેસ મીટ યોજાઈ હતી. ધ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના માર્ગદર્શન હેઠળ કેશવ ગ્રીન ઈન્ટરનેશનલના પ્રયોજક ડૉ. રોનકભાઈ ઢોલરિયાના આયોજનમાં યોજાયેલી મીટમાં ગિની સહિત આફ્રિકાના વિવિધ દેશોમાં વેપાર, ઉદ્યોગ અને રોકાણની તકો અંગે ગુજરાતના ઉદ્યોગકારોને માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ગિનીના ભારત ખાતેના રાજદૂત અલાસાને કોન્ટે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગિનીમાં ભારતીય વેપારીઓ માટે વિવિધ ક્ષેત્રોમાં રહેલી તકો અંગે માહિતી આપી હતી અને રોકાણકારોને દૂતાવાસ દ્વારા જરૂરી સહયોગ આપવાની ખાતરી આપી હતી. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અશોકભાઈ જીરાવાલા સહિત અનેક ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા. આ મીટથી ગુજરાત અને આફ્રિકા વચ્ચે વેપારના નવા સંબંધો વિકસવાની આશા વ્યક્ત કરાઈ હતી.

# સૌરાષ્ટ્રનો દરિયાકાંઠો બનશે સ્પેસ હબ: કોડીનાર ખાતે દેશનું નવું સ્પેસપોર્ટ સ્થાપવાની યોજના

કોડીનાર,તા૨૨



અમદાવાદ ખાતે યોજાયેલા ત્રણ દિવસીય સ્પેસ ફેસ્ટિવલ દરમિયાન વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ ગુજરાતમાં નવા સ્પેસપોર્ટની જાહેરાત કરી છે. કોડીનાર નજીક નવું અવકાશ પ્રક્ષેપણ કેન્દ્ર સ્થાપવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ કોડીનાર નજીકના સ્થળનું ISRO સાથે મળીને ટેકનિકલ મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. હાલમાં આ પ્રક્રિયા પ્રારંભિક તબક્કામાં છે અને સ્થળ સહિતની અન્ય ટેકનિકલ બાબતો નક્કી થયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાતમાં અમદાવાદ ખાતે **IN-SPACe**નું મુખ્ય મથક છે અને રાજ્યમાં સેટેલાઈટ બનાવતી કંપનીઓને પણ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. કોડીનાર અને ગીર વચ્ચેનો દરિયાકાંઠો અવકાશ પ્રવૃત્તિઓ માટે અનુકૂળ માનવામાં આવે છે. સ્પેસપોર્ટ સાકાર થશે તો ગુજરાત દેશના ખાનગી અને વ્યાવસાયિક અવકાશ ક્ષેત્રમાં મહત્વની ભૂમિકા ભજવી શકશે.

# સરકારી ITI કાજ ખાતે નશામુક્તિ અને કાનૂની જાગૃતિ અંગે સેમિનાર

કોડીનાર,તા.૨૨



કોડીનાર તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા સરકારી ITI કાજ ખાતે "ડ્રગ મુક્ત ભારત અભિયાન" અંતર્ગત નશામુક્તિ અને કાનૂની જાગૃતિ અંગે સેમિનાર યોજાયો હતો. વિદ્યાર્થીઓને ગાંજો, ચરસ, હેરોઈન, કોકેઈન સહિતના નશીલા પદાર્થોથી થતા શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક નુકસાન અંગે સમજ આપવામાં આવી હતી. નશાની લત ધરાવતા લોકોને સારવાર, કાઉન્સેલિંગ અને પુનર્વસન તરફ દોરી જવા અપીલ કરાઈ હતી.

# ઉનાના ગરાળ ગામે ૮૦મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવાયો

ઉના,તા.૨૨



ઉનાના ગરાળ ગામે આવેલી ભૂતડા દાદા સીમ શાળામાં ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રધ્વજ વંદન અને રાષ્ટ્રગાનથી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આચાર્ય બાબુભાઈ ભાલીયાએ સ્વાગત પ્રવચન કરી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભક્તિની ભાવના કેળવાય તેવા વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સુત્રાપાડામાં વનતંત્રએ જાળમાં ફસાયેલ અજગરનું રેસ્ક્યુ કર્યું

સુત્રાપાડા, તા.૨૨



સુત્રાપાડાના જગદીશ જેસાભાઈ રામની વાડીમાંથી જાળમાં ફસાયેલ અજગર મળી આવતા સ્થાનિકોએ વનવિભાગને જાણ કરી હતી. જાણ થતાં સુત્રાપાડા રાઉન્ડના વનવિભાગના સ્ટાફે સ્થળ પર પહોંચી તકેદારીપૂર્વક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. ટીમે જાળમાં ફસાયેલા અજગરને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો. ત્યારબાદ અજગરને વનવિભાગ દ્વારા સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યો હતો. અજગરનું સફળતાપૂર્વક રેસ્ક્યુ થતાં વાડી વિસ્તારના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ધારીમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે બાળ સુરક્ષા અંગે માર્ગદર્શન

ધારી, તા.૨૨



તસવીર : સંજય વાળા

અમરેલી જિલ્લાના ધારી તાલુકા મથકે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ડો. આંબેડકર કુમાર છાત્રાલય કાર્યરત છે. અહીં વિદ્યાર્થીઓ પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીનો અભ્યાસ કરે છે. છાત્રાલય ખાતે ગૃહપતિ દિનેશભાઈ સોલંકી તથા અમરેલી જિલ્લા બાળ સુરક્ષા વિભાગના સાગરભાઈ ચૌહાણ, રોહિતભાઈ પરમાર અને સપનાબેન જાદવની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮, બાળ ભિક્ષાવૃત્તિ, બાળલગ્ન અને બાળમજૂરી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત બાળકોને શિક્ષિત કરી સમાજ સુધારવા અને દેશનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા તેમજ પાલક માતા-પિતા સહાય યોજના સહિતની બાળ સુરક્ષા યોજનાઓની માહિતી અપાઈ હતી. કાર્યક્રમમાં ટ્રસ્ટી હરિભાઈ આર. પરમાર સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરહદના જવાનો માટે પી.પી. સવાણી ગ્રુપનું 'રાષ્ટ્રરક્ષાસૂત્ર' અભિયાન

**૩૦ હજારથી વધુ રાખડીઓમાં દેશપ્રેમ અને સ્નેહનો સંદેશ**


સુરત,તા.૨૨



સુરતથી દેશની સરહદ પર તૈનાત વીર જવાનો માટે પી. પી. સવાણી ગ્રુપ દ્વારા 'રાષ્ટ્ર રક્ષા સૂત્ર' અભિયાન યોજાયું છે. આ અભિયાન અંતર્ગત ૩૦ હજારથી વધુ રાખડીઓ પરમ શક્તિપીઠ વાત્સલ્યધામ, વૃંદાવન ખાતે અર્પણ માટે મોકલવામાં આવી છે.

સાધ્વી ઋતંભરા દેવીજીના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા આ અભિયાનના ૨૫મા રજત જયંતી વર્ષ નિમિત્તે પી.પી. સવાણી ગ્રુપ જોડાયું છે. શાળાની વિદ્યાર્થીનીઓ, શિક્ષકો, યુવાનો તથા હોસ્પિટલ પરિવાર દ્વારા પોતાના હાથે રાખડીઓ તૈયાર કરવામાં આવી છે. વૃંદાવન ખાતે રાખડીઓ અર્પણ થયા બાદ કચ્છથી લેહ-લદાખ સુધીની સરહદ પર તૈનાત જવાનો સુધી પહોંચાડવામાં આવશે. આ અભિયાન દ્વારા જવાનોને દેશની દીકરીઓ અને સમગ્ર સમાજનો સ્નેહ તથા આદર પહોંચાડવાનો પ્રયાસ કરાયો છે.

# લઠ્ઠાકાંડ બાદ રાજ્યભરમાં પોલીસ એક્શનમાં, ૩ દિવસમાં રૂ. ૧ કરોડથી વધુનો દારૂ જપ્ત



અમદાવાદ, તા.૨૨

ભાવનગરમાં સર્જાયેલા ગંભીર લઠ્ઠાકાંડ બાદ રાજ્યભરમાં પોલીસે દારૂના ગેરકાયદે ધંધા સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. છેલ્લા ત્રણ દિવસમાં સમગ્ર ગુજરાતમાંથી અંદાજે રૂ. ૧ કરોડથી વધુ કિંમતનો દારૂ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસની આ કાર્યવાહીથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. આ ઝુંબેશ દરમિયાન અમદાવાદ શહેરમાંથી રૂ. ૪૫ લાખથી વધુનો દારૂ ઝડપાયો છે. વડોદરા શહેરમાંથી રૂ. ૧૯.૭૬ લાખ અને વડોદરા જિલ્લામાંથી રૂ. ૨.૮૪ લાખનો દારૂ જપ્ત થયો છે. સુરતમાં રૂ. ૧૨.૯૪ લાખ, વલસાડમાં રૂ. ૧૪.૪૦ લાખ, નવસારીમાં રૂ. ૨.૫૨ લાખ, ડાંગમાં રૂ. ૪.૩૩ લાખ, બોટાદમાં રૂ. ૩.૬૨ લાખ અને ભાવનગરમાં રૂ. ૧.૨૫ લાખનો દારૂ પકડાયો છે. પોલીસની આ કામગીરીમાં મોટી સંખ્યામાં વિદેશી દારૂની બોટલો તેમજ દેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. માત્ર દક્ષિણ ગુજરાત વિસ્તારમાંથી જ ૯,૫૩૯ વિદેશી દારૂની બોટલો અને ૨,૭૧૮ લીટર દેશી દારૂ ઝડપાયો છે.

# દિવ્યાંગ કર્મચારીઓ માટે બઢતીમાં અનામતનો માર્ગ મોકળો, રાજ્ય સરકારે રચી ઉચ્ચસ્તરીય સમિતિ



ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે દિવ્યાંગ અધિકારીઓ અને કર્મચારીઓને બઢતીમાં અનામતનો લાભ આપવા માટે યોગ્ય નીતિ ઘડવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. રાજ્ય સરકારે મુખ્ય સચિવની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી છે. આ સમિતિ પ્રવર્તમાન કાયદાકીય જોગવાઈઓ, કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદાઓ તેમજ અન્ય રાજ્યોમાં અમલમાં રહેલી નીતિઓનો અભ્યાસ કરશે. સમિતિમાં સામાન્ય વહીવટ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા કાયદા વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપરાંત દિવ્યાંગ વ્યક્તિઓ માટેની કચેરીના કમિશનરને સભ્ય તરીકે સામેલ કરવામાં આવ્યા છે. સમિતિ બઢતીમાં અનામતની ટકાવારી, અમલીકરણ પ્રક્રિયા અને જરૂરી કાયદાકીય તથા વહીવટી પગલાંનો તુલનાત્મક અભ્યાસ કરીને સરકારને ભલામણો કરશે. જરૂરિયાત મુજબ વિવિધ સરકારી વિભાગો પાસેથી માહિતી અને અભિપ્રાય મેળવવાની સત્તા પણ સમિતિને આપવામાં આવી છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તા.૨૮ના રોજ ગુજરાતની મુલાકાતે

અમદાવાદ,તા.૨૨

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આગામી ૨૭ ઓગસ્ટના રોજ ગુજરાતના એકદિવસીય પ્રવાસે આવી રહ્યા છે. રક્ષાબંધનના પર્વ નિમિત્તે દર વર્ષની જેમ ગુજરાત મુલાકાતે આવી રહેલા ગૃહમંત્રી આ વખતે જાહેર સભાઓ, લોક દરબાર, વિકાસ કાર્યોના લોકાર્પણ તેમજ ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકોમાં હાજરી આપશે. પોતાના સંસદીય મતવિસ્તાર અમદાવાદ અંતર્ગત બોપલ અને ઘુમામાં ભારે વરસાદ બાદ સર્જાયેલી મુશ્કેલીઓ સંદર્ભે તેઓ ખાસ લોક દરબાર યોજીને સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ કરશે. આ ઉપરાંત અમરેલીમાં જાહેરસભા અને ગાંધીનગરમાં નવા ક્રિકેટ ગ્રાઉન્ડનું લોકાર્પણ કરશે, જેને લઈને વહીવટી તંત્ર અને સંગઠન દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

# રાજ્યમાં સોમવારથી ફરી વરસાદી માહોલ જામશે, ઓગસ્ટના અંતથી ઓક્ટોબર સુધી વરસાદ વરસશે



અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં આગામી સોમવારથી ફરી વરસાદનું જોર વધવાની સંભાવના છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી મુજબ, ૨૩થી ૩૧ ઓગસ્ટ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ પડી શકે છે. ખાસ કરીને ૨૪થી ૨૬ ઓગસ્ટ દરમિયાન ઉત્તર ગુજરાતમાં વરસાદનું જોર વધવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, રાજ્યમાં હાલમાં મોન્સૂન ટ્રફ, લો-પ્રેશર અને સાયક્લોનિક સર્ક્યુલેશન સહિત ચાર વરસાદી સિસ્ટમ સક્રિય છે. તેના કારણે આગામી સાત દિવસ દરમિયાન ગુજરાતમાં સામાન્યથી મધ્યમ વરસાદી માહોલ રહેવાની શક્યતા છે. ૧ જૂનથી ૨૧ ઓગસ્ટ સુધીમાં રાજ્યમાં ૫૧૧ મીમી વરસાદ નોંધાયો છે, જ્યારે આ સમયગાળામાં સામાન્ય રીતે ૫૩૦ મીમી વરસાદ થવો જોઈએ. આમ, રાજ્યમાં હાલ ચાર ટકા વરસાદની ઘટ છે. આગામી દિવસોમાં સારો વરસાદ પડે તો આ ઘટ પૂરી થવાની શક્યતા છે.

# ઈડર નજીક સાબરમતી નદીમાં બે યુવાનોના ડૂબી જવાથી મોત

**દશામાની મૂર્તિના વિસર્જન બાદ નાહવા પડતાં દુર્ઘટના, ફાયર બ્રિગેડે મૃતદેહ બહાર કાઢ્યા**

ઈડર,તા.૨૨

ઈડરના સપ્તેશ્વર નજીકથી પસાર થતી સાબરમતી નદીમાં દશામાની મૂર્તિનું વિસર્જન કરવા આવેલા મહેસાણાના બે યુવાનોના ડૂબી જવાથી મોત થયા હતા. દશામાના વ્રતના વિસર્જન માટે મહેસાણાથી ચાર યુવકો સપ્તેશ્વર આવ્યા હતા. મૂર્તિનું વિસર્જન કર્યા બાદ ચારેય યુવકો નદીમાં નાહવા પડ્યા હતા. દરમિયાન પાણીની ઊંડાઈ અને પ્રવાહનો અંદાજ ન રહેતાં બે યુવાનો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં ઈડર, હિંમતનગર અને વિજાપુરથી ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. કલાકો સુધી શોધખોળ કર્યા બાદ બંને યુવાનોના મૃતદેહ બહાર કાઢવામાં

# GSTનું રાજ્યવ્યાપી ઓપરેશનમાં ૧૧ નકલી પેઢીઓનો થયો પર્દાફાશ




અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં GST વિભાગે બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) કૌભાંડ સામે રાજ્યવ્યાપી સર્ચ ઓપરેશન હાથ ધરી ૧૧ નકલી પેઢીઓના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. તપાસમાં માલની વાસ્તવિક હેરફેર કર્યા વગર માત્ર કાગળ પર ઈન્વોઈસ બનાવીને કરચોરી કરવામાં આવતી હોવાનું સામે આવ્યું છે. અત્યાર સુધીમાં રૂ. ૭૯.૪૫ કરોડની વેરાકીય જવાબદારી ઊભી કરવામાં આવી છે. તપાસ દરમિયાન મેસર્સ નટરાજ ઈન્ડસ્ટ્રીઝના માલિક અને મેસર્સ નટરાજ મેટલ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર અજયકુમાર સત્યનારાયણ શાહની સંડોવણી સામે આવી હતી. તેમના પર બોગસ ખરીદી દર્શાવી રૂ. ૨૧.૪૯ કરોડથી વધુની ખોટી ITC મેળવવાનો આરોપ છે. GST વિભાગની વિશેષ ટીમે તેમની ધરપકડ કરી છે. તપાસમાં ૧૧ બોગસ પેઢીઓ દ્વારા વાસ્તવિક માલની ખરીદી-વેચાણ વગર કાગળ પર વ્યવહારો દર્શાવી ઈન્વોઈસ બનાવવામાં આવતા હોવાનું ખુલ્યું છે.

# ભાવનગર લઠ્ઠાકાંડમાં વધુ ત્રણ મોત, મૃત્યુઆંક ૧૨ એ પહોંચ્યો



ભાવનગર,તા.૨૨

ભાવનગરમાં ૧૮ ઓગસ્ટે સામે આવેલા લઠ્ઠાકાંડમાં આજે ૨૨ ઓગસ્ટે વધુ ત્રણ દર્દીના મોત થતાં કુલ મૃત્યુઆંક ૧૨ પર પહોંચ્યો છે. ભાવનગરની સર ટી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઘોઘા રોડના રહેવાસી અવિનાશ પરમારનું મોત થયું છે. આ ઉપરાંત ૩૫ વર્ષીય હાર્દિકભાઈ હરેશભાઈ કિલજીનું પણ સારવાર દરમિયાન મોત થયું હતું. તેઓ ભરતનગર વિસ્તારના વર્ધમાનનગરમાં રહેતા હતા અને પ્રથમ ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધા બાદ તબિયત લથડતા સર ટી હોસ્પિટલમાં ખસેડાયા હતા.નકલી ઈંગ્લિશ દારૂ પીધા બાદ ભાવનગરથી સુરત સારવાર માટે આવેલા બ્રેઈનડેડ સંજયસિંહ ડોડિયાનું પણ આજે અચાનક હૃદય બંધ થતાં મોત થયું હતું. સર ટી હોસ્પિટલમાં મહીસાગરના મુકેશ ડામોર અને ભાર્ગવ નામના દર્દીની હાલત પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. દરમિયાન ભાવનગરની જૂની પોલીસ લાઈન સામે આવેલા ગ્રાઉન્ડમાંથી રોયલ સ્ટેગની બે ખાલી બોટલ મળી આવતા પોલીસ તંત્રમાં દોડધામ મચી છે. હાલ ૧૬ લોકો સારવાર હેઠળ છે.

# સુરત શહેરમાં દંપતી સામે કંપની સાથે રૂ.૧૫.૫૭ કરોડની છેતરપિંડીની ફરિયાદ




સુરત, તા. ૨૨

સુરત શહેરમાં એક દંપતી દ્વારા કંપની સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચર્યાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. ખટોદરા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, દંપતી સામે ઈન્ડસિંક એક્સિમ કંપની સાથે કુલ રૂ. ૧૫.૫૭ કરોડની છેતરપિંડી કરવાનો આરોપ છે. ફરિયાદ અનુસાર, આરોપીઓએ કંપનીનો વિશ્વાસ કેળવી અલગ-અલગ વ્યવહારોમાં બોગસ દસ્તાવેજો અને ખોટા ચુકવણીના પુરાવાનો ઉપયોગ કર્યો હતો. કંપનીને રકમ ચૂકવાઈ રહી હોવાનું દર્શાવવા માટે બોગસ યુટીઆરના સ્ક્રીનશોટ મોકલી માલ મેળવ્યો હોવાનો આરોપ છે. આ ઉપરાંત દંપતીએ કંપનીને બોગસ ચેક પણ આપ્યા હતા. ફરિયાદ મુજબ, બોગસ ચલણોના આધારે દંપતીએ કંપની પાસેથી આશરે રૂ. ૧૦.૬૨ કરોડનો માલ મેળવ્યો હતો.

# ગીર જંગલમાં સિંહોના રક્ષણ માટે હાઈકોર્ટમાં સુનાવણી




અમદાવાદ,તા.૨૨

વિવિધ સંસ્થાઓના અહેવાલોના આધારે ગુજરાત હાઈકોર્ટે સુઓ મોટો અરજી હાથ ધરી હતી. આ મામલે મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગરવાલ અને ન્યાયમૂર્તિ ડી.એન. રેની ખંડપીઠ સમક્ષ વધુ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટને જણાવાયું હતું કે ૧૯ જૂન, ૨૦૨૪ના રોજ ગીર જંગલ અને આસપાસના વિસ્તારોમાં સિંહોના રક્ષણ તથા અકસ્માત નિવારણ માટે પ્રમાણભૂત કાર્યપધ્ધતિ તૈયાર કરવામાં આવી હતી.જૂન ૨૦૨૪થી જુલાઈ ૨૦૨૬ દરમિયાન આ માટે આઠ ઉચ્ચસ્તરીય બેઠકો ઉપરાંત અન્ય સ્તરે પણ બેઠકો યોજાઈ હતી. સિંહોની અવરજવર પર નજર રાખવા કૃત્રિમ બુધ્ધિ આધારિત દેખરેખ, વહેલી ચેતવણી વ્યવસ્થા, સીસીટીવી કેમેરા અને ઘૂસણખોરી શોધક ઉપકરણોની અજમાયશ કરવામાં આવી રહી છે. એન્જિનમાં બે એલઈડી દીવાઓનો ઉપયોગ પણ શરૂ કરાયો છે.સિંહોને રેલવે પાટા પરથી સુરક્ષિત રીતે દૂર કરવા ૭૦ જેટલા રેલવે ટ્રેકર તૈનાત કરાયા છે. પાટાની આસપાસ ૩૩.૪ કિલોમીટર વિસ્તારમાં વનસ્પતિ અને ઝાડીઓ દૂર કરવામાં આવી છે. એપ્રિલથી જુલાઈ ૨૦૨૬ દરમિયાન ૧,૩૫૬ સહિત કુલ ૫,૯૦૯ સાવચેતી આદેશ જાહેર કરાયા છે. ૯ કાયમી અને આશરે ૧૦૦ અન્ય અવરજવર સ્થળો ઓળખાયા છે. જુલાઈ ૨૦૨૬ સુધીમાં ૧૫૯થી વધુ લોકો પાઈલટ અને સહાયક લોકો પાઈલટને તાલીમ તથા માર્ગદર્શન આપવામાં આવ્યું છે. ૬૨ અંડરપાસ સારી સ્થિતિમાં છે, ૧૪માં સુધારણા કામગીરી ચાલુ છે અને ૧૩ નવા અંડરપાસ પ્રસ્તાવિત છે. સિંહોને પાટા પર આવતા અટકાવવા ૧,૬૬૦.૮૫ મીટર વાડ બનાવાઈ છે. આ મામલે આગામી સુનાવણી ૧૧ સપ્ટેમ્બરે યોજાશે. તે સમયે બાકી અંડરપાસના સુધારણા કાર્ય, નવા અંડરપાસની પ્રગતિ, બે એલઈડી દીવાઓ, ઘૂસણખોરી શોધક વ્યવસ્થા અને કૃત્રિમ બુધ્ધિ આધારિત દેખરેખ અંગેનો અહેવાલ રજૂ કરવાનો આદેશ અપાયો છે.






# પાટણમાં ૧૪,૭૦૯ કિલો ભેળસેળયુક્ત તેલ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે જપ્ત કર્યું



પાટણ, તા.૨૨

પાટણમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ (FDA) અને ક્રાઈમ બ્રાન્ચની સંયુક્ત કાર્યવાહીમાં મોટા પાયે ચાલતા ભેળસેળના રેકેટનો પર્દાફાશ થયો છે. દરોડા દરમિયાન ૧૪,૭૦૯ કિલો ભેળસેળયુક્ત તેલ જપ્ત કરવામાં આવ્યું છે. સાથે જ એક ટ્રકમાંથી ભેળસેળયુક્ત તેલના ૨૧૦ કેન પણ મળી આવ્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ફેક્ટરીમાં સોયાબીન તેલમાં નકામા તેલની ભેળસેળ કરીને તેને વિવિધ બ્રાન્ડના લેબલ હેઠળ બજારમાં વેચવામાં આવતું હતું. દરોડા દરમિયાન મોટી કંપનીઓના લેબલ પણ મળી આવ્યા હતા. આ લેબલનો ઉપયોગ પેકિંગ કરાયેલા તેલના કેન પર કરવામાં આવતો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. તપાસ ટીમે પેકેજિંગ માટે તૈયાર ૪૦ કેન તેલ પણ જપ્ત કર્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, આ ફેક્ટરી છેલ્લા બે વર્ષથી કાર્યરત હોવાની પ્રાથમિક માહિતી મળી છે. ભેળસેળયુક્ત તેલ ગુજરાત ઉપરાંત દેશના અન્ય રાજ્યોમાં પણ સપ્લાય કરવામાં આવતું હોવાની આશંકા છે. હાલમાં તપાસ ટીમ સ્ટોક, બિલબુક અને અન્ય દસ્તાવેજોની ચકાસણી કરી રહી છે.